Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

રજત જયંતિનું વર્ષ

દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૯૪

## મહાવીરના માર્ગે

મહાવીરે બતાવેલા માર્ગે જવું એ જ એમનો જન્મોત્સવ ઉજવવાની ઉત્તમ રીતે છે. જીવનમાં ગમે તેવી પરિસ્થિતિ આવે ત્યારે હે જીવ! આપણા મહાવીરપ્રભુ જેવા વીતરાગી દેવ-ગુરુ-સંતોને ખૂબ ભાવથી યાદ કરીને એમ વિચારજે કે મહાવીરે શું કર્યું? -હું પણ એ જ કરું કે મારા દેવ-ગુરુએ જે કર્યું. વીતરાગભાવ વડે પોતાના આત્માને લાભ થાય એ જ કરવાનું છે; એ જ મહાવીરનો બોધ છે.

જેનાથી આત્મલાભ થતો હોય તેમાં પાછીપાની કરું નહિ; વીર થઈને વીરના માર્ગે જાઉં. જેનાથી લાભ ન થાય તે માર્ગે જાઉં નહિ. મારા હિત માટે એવો બહાદુર વીર બનું કે જગતની કોઈ પરિસ્થિતિ મને ડગાવી ન શકે, ને હું મારા દેવ-ગુરુ જેવો બની જઉં. વીર થઈને મહાવીરના માર્ગે જાઉં.

卐 卐 卐

તંત્રી : જગજીવન બાવચંદ દોશી * સંપાદક : બ્ર. હરિલાલ જૈન
વી સં.૨૪૯૪, ચૈત્ર ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૨૫ : અંક ૬

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)



સોનગઢમાં સં. ૨૦૦૯ માં થયેલ માનસ્તંભ-પ્રતિષ્ઠા વખતે પંચકલ્યાણકમાં ઇન્દ્રો દ્વારા નેમિનાથપ્રભુના જન્મોત્સવનો આનંદ, અને ઐરાવત હાથી ઉપર જન્માભિષેકની સવારી



વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વર્ષ ૨૫: અંક: ૬

વીર સં. ૨૪૯૪ ચૈત્ર

# જિનશાસન

( રાજકોટમાં સમયસાર ગા.૧૫ ઉપરના પ્રવચનોમાંથી )

( વીર સં. ૨૪૯૪, ફાગણ સુદ ૪ થી ૯ )

[ સવારે મંગળિકમાં કહ્યું કે ધર્મજિનેશ્વરને રંગથી ગાવા ઊભો થયો તેમાં ભંગ પડશો નહિ. ધર્મ એટલે જ્ઞાન-આનંદાદિ અનંત સ્વભાવો, તેને ધરનાર આત્મા તે ધર્મજિનેશ્વર, તેની અખંડ આરાધના કરવા જાગ્યો તેમાં હવે ભંગ પડશો નહિ. અને તે ધર્મો કેવળજ્ઞાનાદિરૂપે જેમણે પ્રગટ થયા છે એવા ધર્મજિનેશ્વર, અથવા બધાય અરિહંતો તે ધર્મજિનેશ્વર છે-તેમની આરાધનામાં હવે ભંગ પડશો નહિ. પર્યાય છે તે દ્રવ્યને ભજે છે-સ્તવે છે, તેમાં દ્રવ્ય-પર્યાય વચ્ચે કદી ભંગ ન પડશો. એટલે દ્રવ્ય-પર્યાયની અખંડતાથી કેવળજ્ઞાન થશે. -તે મહાન મંગળિક છે. ]

આ સમયસારની ૧૫મી ગાથા વંચાય છે. સમયસાર એટલે શુદ્ધ આત્મા; ને શુદ્ધ આત્મા એ જિનશાસન; શુદ્ધ આત્માના અનુભવ વગર જિનશાસનની ખબર ન પડે. અહીં સમ્યગ્દર્શનપૂર્વક જ્ઞાનમાં જે શુદ્ધાત્માની અનુભૂતિ થઇ–તેનું વર્ણન આ પંદરમી ગાથામાં છે. શુદ્ધ આત્માના અનુભવથી પવિત્ર આનંદદશા થઈ તે જિનશાસન.

**જિન સોહી હૈ આત્મા; અન્ય હૈ સૌ કર્મ;**

**કર્મ કટે સો જિનવચન, યહી તત્ત્વજ્ઞાનીકા મર્મ.**

**( શ્રીમદ્ રાજચંદ્ર )**

આત્માના સ્વભાવનો ઘણો મહિમા છે, તે પહેલાં લક્ષગત થવો જોઈએ. આવા આત્માના અનુભવ વગર આખી દુનિયા દુઃખી છે. શુદ્ધ આત્માની જેને ખબર નથી ને રાગ–દ્વેષ–પુણ્ય–પાપ વગેરેમાં સુખ માની રહ્યા છે તે તો બધા આકુળતારૂપી દુઃખના ડુંગરે બળી રહ્યા છે. આત્મા તો પરમ શાંતિરૂપ આનંદનો ડુંગરો છે. અનંત સર્વજ્ઞ પરમેશ્વરે આવા આત્માને પ્રગટ કર્યો છે. જગતમાં સર્વજ્ઞ અનાદિથી સદાય છે ને નવા નવા થતા જ આવે છે. ત્રણકાળને જાણનાર એવા ત્રિકાળજ્ઞનો ત્રણકાળમાં કદી વિરહ નથી. અત્યારે વિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાન વગેરે લાખો કેવળીભગવંતો બિરાજી રહ્યા છે ને દિવ્યધ્વનિ વડે જિનશાસન ઉપદેશી રહ્યા છે. તે જિનશાસનમાં કેવો આત્મા કહ્યો છે તેનું આ સમયસારની ૧૫ મી ગાથામાં વર્ણન છે–

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं**

**अपदेससन्तमज्झं पस्सदि जिणसासणं सव्वं ।।१५।।**

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, જે અવિશેષ દેખે આત્મને,**

**તે દ્રવ્ય તેમજ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫.**

જે પુરુષ આત્માને અબદ્ધસ્પૃષ્ટ અનન્ય અવિશેષ તથા નિયત અને અસંયુક્ત દેખે છે તે સર્વ જિનશાસનને દેખે છે, –કે જે જિનશાસન બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.

“જે આ અબદ્ધસ્પૃષ્ટ અનન્ય નિયત અવિશેષ અને અસંયુક્ત એવા પાંચ ભાવોસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે...”

પહેલાં ૧૪મી ગાથમાં અબદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ વિશેષણોથી શુદ્ધઆત્મા બતાવ્યો હતો; અને શુદ્ધનયવડે એવા શુદ્ધઆત્માને દેખવો તે સમ્યગ્દર્શન છે–એમ કહ્યું; ત્યાં પાંચ વિશેષણો વિસ્તારથી કહ્યા હતા.

( ૧ ) આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે : એટલે જેમ પાણીના સંયોગ વચ્ચે પણ તેનાથી અલિપ્ત રહેવાનો કમળનો સ્વભાવ છે, તેમ પર્યાયદ્રષ્ટિથી ને સંયોગદ્રષ્ટિથી જોતાં કર્મનો સંબંધ હોવા છતાં, તેનાથી અલિપ્ત અસંયોગી રહેવાનો આત્માનો સ્વભાવ છે. –આમ પરસંયોગરહિત શુદ્ધ આત્મદ્રવ્યને દેખવું ને અનુભવવું તે સમ્યગ્દર્શન ને જિનશાસન છે.

દેહ–કર્મ વગેરેનો સંયોગ હોવા છતાં, આત્મા તે દેહ–કર્મ વગેરે રૂપે થઈને રહ્યો નથી, પણ પોતાના જ્ઞાનાદિ સ્વભાવપણે જ રહ્યો છે. –આવા આત્માને પરસંયોગથી ભિન્ન શુદ્ધસ્વરૂપે દેખવો તે સમ્યગ્દર્શન છે, તે આનંદની અનુભૂતિ છે, ને તે જિનશાસન છે.

અરે સમ્યગ્દર્શન વગર જીવે નરકના દુઃખ અનંતવાર સહન કર્યા છે, ને તેનાથીયે અસંખ્યગુણા અવતાર સ્વર્ગમાં કર્યા છે, ત્યાં પણ અજ્ઞાનથી દુઃખ જ સહન કર્યું છે; પણ શુદ્ધ આત્માનો અનુભવ કદી ક્ષણ પણ કર્યો નથી, તેની રુચિ કરી નથી, તેનું યથાર્થ શ્રવણ પણ કર્યું નથી.

( ૨ ) આત્મા અનન્ય છે : જેમ કે અનેક પ્રકારના આકારો વચ્ચે પણ જો માટીને તેના સ્વભાવથી જુઓ તો, માટી તો એકરૂપ માટી જ છે, તેમ ચાર ગતિ સંબંધી અનેક પ્રકારની અવસ્થાઓ હોવા છતાં, આત્માને તેના સ્વભાવથી જુઓ તો એકરૂપ જ્ઞાનસ્વભાવે જ રહ્યો છે. આવા આત્માને અનુભવે ત્યારે સમ્યગ્દર્શન થાય ને ત્યારે ધર્મ થાય. તે જીવ જૈનશાસનમાં આવ્યો એટલે કે તેની જે અનુભવદશા છે તે જ જૈનશાસન છે. અનુભૂતિ તે જૈનશાસન છે, અથવા અભેદપણે આત્મા તે જૈનશાસન છે.

( ૩ ) આત્મા નિયત છે : જેમ તરંગોમાં વધઘટ થવા છતાં એકરૂપ પાણીના દળરૂપ જે દરિયો છે તેને દેખો તો દરિયો એકરૂપ અવસ્થિત છે; તેમ આ ચૈતન્યદરિયો આત્મા, તેની અવસ્થામાં હાનિવૃદ્ધિરૂપ પરિણમન છે, પણ જો ચૈતન્યદળ એકરૂપ છે તેને દેખો તો આત્મા એકરૂપ અવસ્થિત છે; આવો એકરૂપ હોવારૂપ નિયતસ્વભાવ છે. એવા સ્વભાવને શ્રદ્ધા–જ્ઞાનમાં લેવાથી

સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય છે. (આ નિયત સ્વભાવ કહીને પર્યાયભેદ કાઢી નાખ્યા.)

(૪) આત્મા અવિશેષ છે : જેમ પીળાશ–વજન વગેરે અનેક ભાવો હોવા છતાં તેના ભેદને ન જોતાં બધા ભાવોથી અભેદ સોનાને જુઓ તો સોનું તો એકરૂપ સોનું જ છે, તેમ ભગવાન આત્મામાં અનંત ગુણો હોવા છતાં તેમાં ભેદને ન જોતાં અનંતગુણોથી અભેદ એવા એકરૂપ આત્માને જોતાં–અનુભવતાં તે એકરૂપે અનુભવમાં આવે છે, તે સમ્યગ્દર્શન છે. ગુણભેદરૂપ વિશેષોને ન દેખતાં ગુણભેદથી રહિત એવા અવિશેષ આત્માને અભેદપણે અનુભવવો તે જિનશાસન એટલે વીતરાગનો માર્ગ છે. (આ અવિશેષ સ્વભાવ કહીને ગુણભેદ કાઢી નાખ્યા.)

(૫) આત્મા અસંયુક્ત છે : જેમ પર્યાયદ્રષ્ટિથી પાણી ઉષ્ણતાસંયુક્ત હોવા છતાં તેના શીતળસ્વભાવમાં ઉષ્ણતાનો પ્રવેશ નથી. તેમ પર્યાયદ્રષ્ટિથી આત્મામાં રાગાદિ વિભાવો વર્તતા હોવા છતાં, એકલા બોધસ્વરૂપ આત્માના સ્વભાવને લક્ષમાં લઇને અનુભવ કરીએ તો આત્મા તે રાગાદિના સંપર્ક વગરનો શુદ્ધ આનંદસ્વરૂપ અનુભવાય છે. આવો અનુભવ તે ધર્મ છે, તે જૈનશાસન છે.

જુઓ, શુદ્ધ આત્માનું આવું સ્વરૂપ છે–તેનો અનુભવ તે જિનશાસન છે.

–આ પાંચ બોલથી શુદ્ધ આત્માનું વર્ણન ૧૪ મી ગાથામાં કર્યું છે. તે અહીં ભૂમિકારૂપે સંક્ષેપથી બતાવ્યા; કેમકે તેની સાથે આ ૧૫મી ગાથાની સંધિ છે. જે પાંચ ભાવો કહ્યા, તે પાંચભાવોસ્વરૂપ શુદ્ધ આત્માની જે અનુભૂતિ છે તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે.

આત્માનો જે શુદ્ધ–ભૂતાર્થ સ્વભાવ છે તે સ્વભાવમાં બંધનનો કે રાગાદિ પરભાવોનો અભાવ છે, તેથી તે બંધનથી રહિત શુદ્ધ આત્મા ભૂતાર્થદ્રષ્ટિવડે અનુભવમાં આવે છે. ને આવી અનુભૂતિ તે જ સમ્યગ્દર્શન છે; તે જ શુદ્ધનય છે, તે જ જિનશાસન છે.

શુદ્ધ આત્માના અનુભવ વિના અનાદિકાળમાં જીવે બીજું બધું ઘણું કર્યું છે, –પણ એ કાંઇ જિનશાસન નથી. જિનશાસન એ તો અપૂર્વ છે;

અનાદિથી બંધનભાવ પર્યાયમાં વર્તે છે છતાં તેનાથી રહિત એવો અબંધ શુદ્ધ આત્મા છે –તેને શુદ્ધનયવડે અનુભવમાં લેવો તે જિનશાસન છે, તે જિન ભગવાનનો ઉપદેશ છે.

પરના સંગવાળો–કર્મવાળો, અશુદ્ધ આત્મા તો અનાદિથી જીવ અનુભવી જ રહ્યો છે, પણ તેને ભગવાન જિનશાસન નથી કહેતા, અશુદ્ધતાના અનુભવનો ભગવાનનો ઉપદેશ નથી, પણ શુદ્ધ આત્માના અનુભવનો ભગવાનનો ઉપદેશ છે. આવો અનુભવ થઈ શકે છે. ભાઈ, તારાથી થઈ શકે તેનો ઉપદેશ ભગવાને દીધો છે. ભગવાન પોતે સ્વાનુભવથી જેવા થયા તેવો જ ઉપદેશ દીધો, અને તેવું જ વસ્તુસ્વરૂપ છે. –આવા આત્માના અનુભવથી આનંદ થાય છે ને દુઃખ ટળે છે.

આત્માનો અનુભવ કહો, મોક્ષનો માર્ગ કહો, જૈનદર્શનનું રહસ્ય કહો, કે ભગવાનના ઉપદેશનો સાર કહો...તેની વાત કુંદકુંદાચાર્યદેવે આ ૧૫મી ગાથામાં સમજાવી છે.

વીતરાગનું શાસન એટલે શું ? કે જે રીતે વીતરાગભાવ ઉત્પન્ન થાય એવો ઉપદેશ–તે વીતરાગનું શાસન છે. રાગનું સેવન તો જીવ અનંતકાળથી કરી રહ્યો છે, પણ વીતરાગભાવનું સેવન એટલે કે શુદ્ધ આત્માનો અનુભવ તેણે કદી કર્યો નથી તેથી વીતરાગશાસનનું સેવન તેણે કદી કર્યું નથી. 'અનુભવ' માં ભગવાનનો સર્વ ઉપદેશ સમાઈ જાય છે. મોક્ષમાર્ગ આત્માના અનુભવમાં છે.–

**અનુભવ રત્નચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ,**

**અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.**

આ ચૈતન્યરત્નની કિંમત શુદ્ધનયની નજરે પરખાય છે. શુદ્ધનય વડે અનુભવ કરતાં તેનો ખરો મહિમા જણાય છે. એ સિવાય રાગના વેદન વડે ચૈતન્ય રત્નની કિંમત પરખાતી નથી. જેમ હીરા–મોતીના પાણીની પરીક્ષા ખેડૂની પછેડીનો છેડો અડાડીને ન થાય, એ તો અંદરની ઝલક પારખવા માટે ઝવેરીની નજર જોઈએ. તેમ ચૈતન્યસ્વરૂપ આત્માની કિંમત બાહ્યલક્ષી સ્થૂળ જ્ઞાન વડે ન થઈ શકે, તેને પારખવા માટે તો અંતર્મુખ શુદ્ધનયરૂપી

દ્રષ્ટિ જોઈએ. શુદ્ધાત્માને ન જાણે ને બીજું બહારનું જાણે–શાસ્ત્ર ભણે, તોપણ તેમાં સુખ નથી, તે સાચું જ્ઞાન નથી. સાચું જ્ઞાન ને સુખ તો તેમાં છે કે જે જ્ઞાન અંતર્મુખ થઇને શુદ્ધ આત્માને અનુભવમાં લ્યે. તે જ્ઞાનમાં સકલશ્રુતનું રહસ્ય સમાઈ ગયું. કેમકે બધું જ્ઞાન તો આત્મામાં સમાય છે, આત્માથી જુદું જ્ઞાન નથી.

અંતરમાં અબદ્ધસ્પૃષ્ટ શુદ્ધ આત્માનો અનુભવ કરનાર શુદ્ધનયરૂપ શ્રુતજ્ઞાનપર્યાય તે આત્મા જ છે; કેમકે આત્મા સાથે તે અભેદ છે, માટે તે પર્યાયને અભેદપણે આત્મા જ કહ્યો, ને તેને જ જિનશાસન કહ્યું. એકલું પરલક્ષી જ્ઞાન તે આત્મા નથી. તે જિનશાસન નથી; તે તો અજ્ઞાન અને અનાત્મા છે. સ્વસન્મુખ થયેલું શ્રુતજ્ઞાન તે આત્મા જ છે. તેથી સ્વસન્મુખ જ્ઞાનની અનભૂતિ તે આત્માની જ અનુભૂતિ છે. નિર્મળ જ્ઞાનપર્યાય અને આત્મા અભેદ છે; તેથી શુદ્ધ આત્માના અનુભવને સમસ્ત શ્રુતજ્ઞાનનો અનુભવ કહ્યો; સમસ્ત શ્રુતજ્ઞાન એટલે કે જિનશાસન, ભગવાનની શિખામણ, તે શુદ્ધ આત્માના અનુભવમાં સમાય છે.

* * *

બાર અંગરૂપ જે જિનોપદેશ, તેમાં શું કહ્યું ? કે શુદ્ધ આત્માનો અનુભવ કરવાનું ભગવાને કહ્યું છે; માટે શુદ્ધ આત્માનો અનુભવ કરનારું જ્ઞાન તે જિનશાસન છે.

આત્માને કર્મના સંબંધવાળો અને રાગ–દ્વેષવાળો જ દેખવો તે મિથ્યાદ્રષ્ટિ છે; કર્મના સંબંધ વગરનો, શુદ્ધ એકરૂપ આત્માને દેખવો તે સમ્યક્દ્રષ્ટિ છે, તે જિનશાસનની દ્રષ્ટિ છે; જિનશાસન એટલે ભગવાનનો ઉપદેશ, તેને સમજવો હોય તો અંતરમાં શુદ્ધ આત્માને દેખવો– અનુભવવો. શુદ્ધ આત્માને દેખનારી નિર્મળપર્યાયને જ જિનશાસન કહ્યું, અથવા અભેદપણે શુદ્ધ આત્માને જિનશાસન કહ્યું; કેમ કે શુદ્ધ આત્માને દેખનારી જે પર્યાય છે તે તેમાં અભેદ થઈને દેખે છે. અને આ રીતે અભેદ થઇને શુદ્ધ આત્માને દેખતાં વિકલ્પ તૂટે છે ને નિર્વિકલ્પ આનંદ આવે છે. શુદ્ધ આત્માની અનુભૂતિ વગર વિકલ્પ તોડવા માંગે તો કદી તૂટે નહિ. પણ ધ્યેયની શૂન્યતા થઈ જાય એટલે કે મૂઢતા થઈ જાય. વિકલ્પની શૂન્યતા તે તો નાસ્તિ છે, ભાઈ ! કઈ

વસ્તુની અસ્તિમાં ઊભો રહીને તું વિકલ્પને તોડીશ? વિકલ્પના અભાવમાં શૂન્યતા ન હોય પણ આનંદની અસ્તિ હોય. શુદ્ધ આત્મા છે, તેની પર્યાય છે, તેમાં ઉત્પાદ–વ્યય છે, અશુદ્ધતા છે તે ટળીને શુદ્ધતા થાય છે, –એમ બધા બોલના સ્વીકાર વગર આત્માને અનુભવ થાય નહિ ને વિકલ્પ તૂટે નહિ.

સામાન્યનો આવિર્ભાવ, એટલે કે જ્ઞાનપર્યાય અંતર્સ્વભાવ તરફ ઝુકીને અનુભવ કરે છે ત્યારે તેમાં વિશેષરૂપ ભેદોનું લક્ષ રહેતું નથી, તેમાં અભેદરૂપ એકતાનો જ અનુભવ છે, તેથી તેને સામાન્યનો આવિર્ભાવ કહેવાય છે. નિર્મળપર્યાય સામાન્ય સાથે અભેદ થઇને એકરૂપ પરિણમી, ત્યાં વિશેષ–જ્ઞેયો પ્રત્યે જ્ઞાનનું લક્ષ ન રહ્યું એટલે તે પર્યાયમાં વિશેષનો તિરોભાવ થયો ને સામાન્યનો આવિર્ભાવ થયો. –આવા જ્ઞાનનો અનુભવ સમ્યગ્દૃષ્ટિને છે, પણ મિથ્યાદૃષ્ટિને આવા જ્ઞાનની ખબર નથી; સાચી સમજણ નથી એટલે સુખ પણ નથી.

**સમજ વિનાનું રે સુખ નથી જીવને રે....**
**રવિ રવિ કરતાં રે રજની ટળે નહિ રે...**
**અર્કથી અંધારા જાય...તેમ સમજથી સુખ થાય...**
**જ્ઞાનસૂર્ય પ્રગટ થતાં અંધારા મટે છે...**

આત્મા પોતે પોતાના સ્વક્ષેત્રમાં જ પોતાને અનુભવે છે. બહારમાં લક્ષને એકાગ્ર કરવું પડતું નથી. અંતર્મુખ પોતામાં એકાગ્રતા કરતાં જૈનશાસન પ્રગટે છે. શુદ્ધદ્રવ્ય ને શુદ્ધપર્યાય બંનેને જિનશાસન કહેવાય છે. શુદ્ધ આત્માને લક્ષમાં લેતાં તેમાં શુદ્ધપર્યાય પણ આવી જ જાય છે, કેમ કે પર્યાય અંતરમાં અભેદ થઈ ત્યારે આનંદનો અનુભવ થાય છે. જૈનશાસન એટલે ભાવશ્રુતજ્ઞાન, તે મોક્ષમાર્ગ છે; શુદ્ધઆત્માના અનુભવમાં સમસ્ત શ્રુતજ્ઞાન સમાઈ જાય છે. તે રાગ વગરનું છે, ઇન્દ્રિયના અવલંબન વગરનું છે; જ્ઞાની તો પોતાને સર્વતઃ એક જ્ઞાનરસપણે જ અનુભવે છે.

જ્યારે સમ્યગ્દર્શન પ્રગટે છે તે વખતે પરજ્ઞેયનું લક્ષ નથી, સ્વજ્ઞેયરૂપ શુદ્ધાત્મા ઉપર જ જ્ઞાનનું લક્ષ છે, તેથી તે પર્યાયમાં સામાન્યજ્ઞાનનો આવિર્ભાવ (પ્રગટતા) છે, અને વિશેષ જ્ઞેયાકારજ્ઞાનનો તિરોભાવ છે. પરભાવોથી ભિન્ન

જ્ઞાનમાત્રભાવપણે ધર્મી પોતાને અનુભવે છે. અજ્ઞાની રાગવાળો બંધનવાળો પોતાને અનુભવે છે પણ તે જ વખતે તેનાથી જુદો જ્ઞાનમાત્રભાવ છે તેને અજ્ઞાની દેખતો નથી, તેથી જુદું જ્ઞાન તેને ઢંકાઈ ગયું છે, તેને તો જ્ઞેય સાથે ભેળસેળવાળું જ્ઞાન જ દેખાય છે, એકલું સામાન્યજ્ઞાન તેને દેખાતું નથી; એટલે તેને જૈનશાસનની કે ભગવાનના ઉપદેશની ખબર નથી, ભાવશ્રુતજ્ઞાન તેને ખીલ્યું નથી.

સ્વજ્ઞેયાકાર જે જ્ઞાન પરિણમ્યું તેને સામાન્યજ્ઞાનનો આવિર્ભાવ કહ્યો, કેમકે તેમાં પરજ્ઞેયરૂપ વિશેષોનો તિરોભાવ છે. પરજ્ઞેયને જાણે ત્યારે પણ ધર્મી જ્ઞાનને તો જ્ઞાનપણે જ અનુભવે છે; પરજ્ઞેયને જાણતાં તેની સાથે જ્ઞાન ભેળસેળ થઈ ગયું એમ જ્ઞાની માનતા નથી. અજ્ઞાની તો પરને જાણતાં જ્ઞાનને પર સાથે ભેળસેળ થઈ જવાનું માનીને પોતાના જ્ઞાનને ઢાંકી દે છે, ભિન્ન જ્ઞાનને તે અનુભવતો નથી.

શુદ્ધ જીવસ્વરૂપને ભૂલીને જ્ઞેયોમાં જ જે લુબ્ધ છે, જ્ઞાનને ભૂલીને જ્ઞેયોમાં જ એકતા માને છે તેને આનંદના સ્વાદરૂપ જીવભાવ પ્રગટતો નથી; પરને જ જ્ઞાન અનુસરે છે તેથી તેને ચૈતન્યનો સ્વાદ આવતો નથી.

ખારા સ્વાદવાળું તો મીઠું છે, તેને શાકના સંયોગથી શાક જ ખારું એમ ગૃદ્ધીવાળા લોકો દેખે છે, તેમ જ્ઞાનનો જુદો સ્વાદ લક્ષમાં ન લેતાં અજ્ઞાની જ્ઞેયોના સંબંધવાળું જ જ્ઞાન અનુભવે છે, રાગને જાણતાં જ્ઞાન જ જાણે રાગી થઇ ગયું–એમ અજ્ઞાની અનુભવે છે, પણ રાગાદિ જ્ઞેયોથી જ્ઞાનની ભિન્નતાને તે જાણતો નથી.

જ્ઞેયોના સંબંધ વગરના એકલા જ્ઞાનને જ દેખવું તે સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ છે; અને વિશેષના આવિર્ભાવ વખતે પણ (એટલે કે પરજ્ઞેયને જાણતી વખતે પણ) પરમાર્થે જ્ઞાનને તો જ્ઞાનપણે જ જ્ઞાની દેખે છે. પરને જાણતાં કાંઈ પરરૂપે જ્ઞાન થઈ ગયું નથી. સામાન્યના અનુભવ વખતે જે જ્ઞાન અનુભવમાં આવ્યું, વિશેષજ્ઞાનપણે પણ તે જ જ્ઞાન અનુભવમાં આવે છે. સામાન્ય અને વિશેષ બંને એક જાત છે, જુદી જાત નથી.

**( અનુસંધાન ૧૭મે પાને )**

# ધર્મ એટલે સુખ

મુમુક્ષુ ભાઈ શ્રી નવલચંદ જે. શાહે ગુરુદેવના પ્રવચનઅનુસાર ધર્મનું સ્વરૂપ લખ્યું હતું. -જેની શૈલી સુગમ હોવાથી અહીં આપ્યું છે; -તે સર્વે જિજ્ઞાસુઓને ઉપયોગી થશે. ( સં. )

## [ અમર જીવનની પ્રાપ્તિની રીત ]

**ધર્મ સુખ માટે છે :** દરેક જીવ સુખ ચાહે છે. ખોટા ઉપાયથી સુખ મળતું નથી, પણ ચાહના તો સહુને સુખની જ છે. ધર્મ સુખનો ઉપાય છે.

**ધર્મ એટલે વસ્તુનું સ્વરૂપ :** હું જે પદાર્થ છું, તે કોણ છે, કયારથી છે, કોનાથી ટકે છે, કેવા સ્વરૂપે છે, કયાંસુધી રહે છે? વગેરે નક્કી કરીને પછી શું કરવું ઘટે છે તેનો વિચાર કરવો. આમ ન થાય તો અમસ્તું દુઃખ ઉત્પન્ન થાય છે.

જેમ સર્પ કરડયો હોય એકને, અને બીજો કહે કે મને ઝેર ચડયું; ખાધું હોય નોકરે અને શેઠ કહે કે મારું પેટ ભરાયું; તાવ આવ્યો હોય શરીરમાં, ને જુદા પ્રદેશોમાં (અસંખ્ય ચેતનપ્રદેશોમાં) રહેલો જીવ કહે કે મને તાવ આવ્યો; ખાધું શરીરે અને અરૂપી સૂક્ષ્મ ચેતનપદાર્થ કહે કે મેં ખાધું; –આમ સાચા નિર્ણય વગર ખોટું દુઃખ ઉત્પન્ન થાય. તેથી હવે એટલું તો પહેલાં નક્કી કરવું કે હું કોણ છું? દરેક જીવ પોતાની અસ્તિ એટલે પોતાનું હોવાપણું, પોતાનું 'અહં' પણું તો ચાહે છે, (પરમાં 'અહં' પણું તે દોષ છે, પરંતુ પોતામાં જ પોતાનું અહંપણું એટલે કે સ્વમાં જ સ્વબુદ્ધિ–તે દોષ નથી પણ તે તો શ્રદ્ધાનું કાર્ય છે,) પોતાનો અભાવ કોઇ ચાહતું નથી. પોતે કઇ અસ્તિ છે? તેનો નિર્ણય કરવા માટે જિનેન્દ્રભગવાને સરલ અને અકાટય ઉપાય બતાવ્યો છે; તે ઉપાય એટલે છ દ્રવ્યોનાં લક્ષણ સહિત વિભાગ કરવો તે.

### તમે શરીર નથી, તમે જીવ છો:

જીવ અને અજીવ (–પુદ્ગલ–ધર્માસ્તિ–અધર્માસ્તિ–આકાશ ને કાળ)–આ દ્રવ્યો એકબીજાથી ભિન્ન છે. આમ હોવાથી એકદ્રવ્ય બે દ્રવ્ય હોઈ શકે નહિ; જેમ

એક જીવ માત્ર જીવ જ હોય, અજીવ ન હોય. જીવ પોતે જીવ પણ હોય, ને શરીર પણ પોતે હોય –એમ ન બને. આ રીતે તમે શરીર નથી પણ જીવ છો.

**જીવ જ્ઞાનસ્વરૂપ છે :-**

હવે જીવ એવા તમે સુખના ચાહક છો, સુખનો પ્રશ્ન કરો છો, ઉત્તર પણ તમે જ સાંભળશો. તો જ્ઞાનના સાધન સિવાય આમ પ્રશ્ન–ઉત્તર ન થાય. માટે તમે જ્ઞાનભાવવાળા, અનેક ગુણસંપન્ન એક પદાર્થ છો એમ નક્કી થયું. એટલે તમે જ્ઞાનનું સાધન કરો છો, તેથી તમે જીવ જ છો; શરીર વગેરે અન્ય પદાર્થો તમે નથી. આ રીતે 'હું કોણ છું' એનો નિર્ણય એ થયો કે જીવ જ હું છું, ને શરીરાદિ હું નથી.

હવે જીવનું સ્વરૂપ જ્ઞાન–ચેતન અને અરૂપી છે. જાણવાનું કાર્ય થાય છે તે જીવનો અંશ છે. 'જેવો અંશ તેવો અંશી.' –એટલે તમે જ્ઞાનસ્વરૂપ જીવ છો. આખું જીવદ્રવ્ય અરૂપી સૂક્ષ્મ જ્ઞાનસ્વરૂપી છે; તેનું ક્ષેત્ર અસંખ્યપ્રદેશી લોકપ્રમાણ, તે હાલ સંકોચાઈને દેહપ્રમાણ છે. હું દેહ છું– એમ તમે અનાદિથી માનો છો તોપણ અરૂપી ચેતનસ્વરૂપી અસંખ્યપ્રદેશી જીવ જ તમે હજી છો, એનો પુરાવો એ છે કે તમે ઉપયોગ હજી કરો છો. અનાદિથી આ પ્રકારે એક જ ભાવે જ્ઞાનરૂપ રહ્યા છો, કદી શરીરરૂપ–જડરૂપ થયા નથી, થશો પણ નહિ.

અન્ય જે પાંચ અચેતન–જડ દ્રવ્યો છે તે તો તમને કેમ ઉત્પન્ન કરે ? –કેમ કે તમે તો ચેતન છો; તમે અચેતન નથી. વળી બીજો ચેતન–જીવ તમને બનાવે તો તે પોતે ઘટી જાય. માટે આ જીવ સ્વયંભૂ પોતાથી જ અનાદિથી જ્ઞાનપ્રદેશોમાં જ્ઞાનરૂપે વ્યક્ત થતો બેઠો છે.

**જીવનું જીવન ચેતનભાવ વડે છે :-**

હવે જ્ઞાનસ્વરૂપ જીવ અનાદિથી છે તે તો બરાબર, પણ તે શેનાથી પુષ્ટિ પામે છે ? શેનાથી ટકે છે ? ભાઈ, પાંચ શેર ઘીમાં પાંચ શેર માટી ભેળવવાથી ઘી દશ શેર ન થાય, કેમકે બંનેની જાત જુદી છે. તેમ ચેતનપદાર્થ, અચેતન એવા સ્થૂલ દાળ–ભાત–રોટલી–ઘી –હવા–પાણી–શ્વાસ તેમાં મિશ્ર–ભેળસેળ થઇને પોતાનું ચેતનપણું ચાલુ રાખે અગર પુષ્ટ કરે–તે અસંભવ છે, કેમકે બંનેની જાત જુદી છે. આમ અન્ય પદાર્થ વગર જ આ જીવ અનાદિથી જીવપણે છે; તે જીવપણે ચેતનભાવને લઇને છે. હવે,

–હવે વિચારો કે, ચેતનભાવ કોણે આપ્યો ? અચેતન તો કયાંથી આપે ? એનામાં ચેતન છે જ કયાં ? જો બીજા ચેતનપદાર્થો આ આત્માને ચેતનભાવ આપે તો તેઓનું ચેતનપણું ઘટી જાય. માટે પોતે પોતાનો ચેતનભાવ બીજા પાસેથી મેળવતો નથી; પોતે જ ચેતનભાવ લઈને બેઠો છે માટે સ્વાલંબી છે.

આમ નક્કી થતાં, ખોરાક–વસ્ત્ર–મકાન–સ્ત્રી–શ્વાસ–હવા વગેરે પદાર્થો–તેનાથી મારું ચેતનપણું ટકે એમ માનીને તેને મેળવવા માટે અજ્ઞાનભાવથી જે ક્રોધ–માન માયા–લોભ –રાગ–દ્વેષાદિ કરતો હતો તે છૂટી ગયા. કારણ કે તે પદાર્થો મળે કે ન મળે, છેદાય કે ભેદાય, આગ લાગે કે ચોરાઈ જાય–તોપણ મારા ચેતનમાંથી કાંઈ ચાલ્યું જતું નથી, હું તો તેના વગર જ જીવું છું. તે પદાર્થો વગર જ જીવ જીવે છે એટલે તેમના કારણે કષાય કરવાનું ન રહ્યું. વળી મરણની બીક ન રહી એટલે મરણ વખતે પણ ચેતનભાવરૂપ સમાધિ જ રહેશે, કેમકે હું તો ચેતન છું. આત્મા પોતા સિવાયના બીજા પદાર્થો ઇન્દ્રિયો, ઇન્દ્રિયવિષયો, ખોરાક, મકાન, શરીર કે સગાસંબંધી તે બધામાંથી કાંઈ પોતાનું ચેતનપણું ( જીવન ) લેતો નથી, એટલે કે તેમનાથી આત્માનું જીવન નથી, તેથી તે બધા પદાર્થો નકામા લાગે છે, એટલે તેનો મોહ રહેતો નથી. હું મારા ચેતનભાવથી જીવતો છું ને તે તો મારી સાથે જ છે– કદી મારાથી જુદું નથી.

આ રીતે મારા ચેતનભાવમાં જ રહેતો હું, અન્ય સમસ્ત પદાર્થો પ્રત્યે સામ્યભાવ ધારણ કરું છું એટલે તેમના પ્રત્યે મને સમતા જ છે. તે બધા મારે માટે માત્ર જ્ઞેયો જ છે.

હવે અહીંથી બીજી ગતિમાં જવાનું થાય તોપણ મારું મરણ નથી, કેમકે મારો ચેતનભાવ મારી સાથે જ હોવાથી હું જીવતો જ છું. અહીંથી બીજી ગતિમાં જતાં પણ મારું મરણ નથી પણ ચેતનમય મારું જીવન ચાલુ જ છે. –પછી મૃત્યુનો ભય કેવો ? –અસમાધિ કેવી ?

દેવગતિ વખતે દિવ્ય વૈક્રિયિક શરીર જીવની બાજુમાં આવશે, ત્યારે પણ તેનાથીયે જુદો હું તો અરૂપી સૂક્ષ્મ ચેતન અસંખ્યપ્રદેશી જીવ જ હોવાને લીધે ત્યાંના પદાર્થો પણ નકામા જ લાગશે, તેમના વડે કાંઈ મારા ચેતનભાવની પુષ્ટિ નહિ થાય. હું મારા ચેતનપ્રદેશોમાં રહેતો, ચેતનભાવથી જ પુષ્ટ રહેતો, સ્વ–ભાવને વાપરતો થયો છું. અહીં કે દેવલોકમાં, વિદેહમાં કે મોક્ષમાં, સર્વત્ર મારું જીવન એક પ્રકારનું છે ને મારા ચેતન પ્રાણથી જ તે પુષ્ટ છે. તેથી મારું જીવન ટકાવવા કોઈ ક્ષેત્ર, કોઈ કાળ કે કોઈ સંયોગો સાથે મને મતલબ નથી. હું મારા સ્વ–ભાવોથી, ચેતન સુખ વગેરેથી પ્રભુ થયો છું.

પ્રશ્નઃ– આત્મા સ્વાલંબી, પોતાના ચેતન વડે જીવતો સાબિત થયો; પણ તે શાશ્વત હોય એટલે તેની સુખમય અસ્તિ લાંબી સદાકાળ ટકી રહે–એમ સૌને ગમે છે; માટે આત્માનું જીવન શાશ્વત છે તે પણ સમજાવો.

ઉત્તરઃ– તમે ચેતનભાવ છો; તમારું ચેતનપણું તમારાથી જુદું પડે નહિ; તમારું ચેતનપણું બીજા અચેતન પદાર્થોમાં મિશ્રણ પામે જ નહિ.–

**‘ક્યારે કોઈ વસ્તુનો કેવળ હોય ન નાશ;**
**ચેતન પામે નાશ તો શેમાં ભળે તપાસ ? ( આત્મસિદ્ધિ )**

તારી સ્વાધીન ચેતનતા કદી નાશ પામશે નહીં, ને ચેતનપણું છોડીને બીજા કોઈ સાથે ભળશે નહિ; સદાય ચેતનપણે ટકી રહેશે. જેમ કાલનું ચેતનપણું આજે ટકી રહ્યું છે, પચીસ–પચાસ કે સો વર્ષ પહેલાનું ચેતનપણું આજે ટકી રહેલું દેખાય છે–અનુભવાય છે, તેમ આજનું ચેતનપણું કાલે, કે પાંચ–પચાસ વર્ષ પછી અને ભવિષ્યમાં સદાકાળ ટકી રહેશે. એને ટકાવવા માટે તારે કોઈ શરીરનું, રાગનું કે સંયોગનું અવલંબન નહિ લેવું પડે.

આ રીતે પોતાના જ ચેતનભાવ વડે હું સદાકાળ સ્વયમેવ શાશ્વત જીવનાર હોવાથી કોઈ અન્ય વડે રક્ષા કરવાની ચિન્તા નથી, ને નાશની શંકા નથી. મારા જીવનની પુષ્ટિ માટે, મારા ચેતનની પુષ્ટિ માટે, કોઈ શુભદ્રવ્યનું લક્ષ કરીને શુભભાવ કરવાનું કે અશુભ પદાર્થનું લક્ષ કરીને અશુભ ભાવ કરવાનું રહ્યું નહીં. શુભ–અશુભ વગર રહી શકાય છે, ને શુભ–અશુભ વગરનું જ્ઞાનમય જીવન એ જ સુખી જીવન છે, એ જ સાચું જીવન છે. શુભ–અશુભ ન હોય ત્યારે પણ જ્ઞાન–દર્શન ઉપયોગ તો થયા જ કરે છે; રાગ–દ્વેષના અભાવમાં કાંઇ જ્ઞાનનો અભાવ નથી થઈ જતો; એટલે શુભાશુભના અભાવમાંય ચેતનનું જીવન તો ટકયા જ કરે છે. તેથી જીવનને ટકાવવા માટે શુભ–અશુભની જરૂર રહેતી નથી; એ જ રીતે શરીરની, ખોરાકની, પૈસાની પણ જરૂર રહેતી નથી. આવું સ્વાધીન ચૈતન્યજીવન છે.

બીજા બધા પદાર્થ વગર, રાગ વગર, એકલા–એકલા જીવમાં જ્ઞાન–દર્શન ઉપયોગ તો થયા કરે છે; ઉપયોગ દ્વારા તમે બીજાથી જુદા સ્વયંભૂ સ્વાલંબી શાશ્વત છો –એમ રોજેરોજ જાણો....હર ક્ષણે ને હર સમયે જાણો; ને એ તમારું અબાધિત ઉપયોગસ્વરૂપ શુભાશુભરહિત– શ્રમરહિત હોવાથી તેમાં જ વિશ્રામ કરો. એથી તમારા સર્વપ્રદેશમાં તમને આનંદ થશે. આ આનંદ અતીન્દ્રિય છે. શુભ–અશુભ રાગ–દ્વેષ વગર જ આવું આનંદજીવન જીવાય છે, તોપછી શુભાશુભનો વ્યર્થ પરિશ્રમ શા માટે કરવો ? શુભાશુભ વગરનો આવો આનંદ પોતામાં જ અનુભવ્યો એટલે તે આનંદ માટે ઇન્દ્રિયોની કે તેના વિષયોની જરૂર ન ભાસી, તેથી તેમનાથી ભેદજ્ઞાન થયું–જુદાઇ થઈ. પરથી ભિન્ન થઈને પોતાના ઉપયોગસ્વરૂપમાં વિશ્રામ લેતાં જે આનંદ અનુભવ્યો તે આનંદ બાહ્યવિષયોમાંથી લીધો નથી પણ પોતાના સત્ સ્વાલંબી ચેતન સ્વરૂપને અબાધિત વેદીને તેમાંથી તે આનંદ લીધો છે. આ રીતે આત્માનું સ્વાધીન જીવન શાશ્વત પણ છે ને તે આનંદમય પણ છે. આવું અમરઆનંદજીવન જ્ઞાનવડે પ્રાપ્ત થયું.

અતીન્દ્રિય આત્મિક અકર્મિક (શુભ-અશુભ કર્મ રહિત) નિર્દોષ મોક્ષમય ને બંધરહિત એવો આનંદ પોતામાં અનુભવ્યો છે; અને નિત્ય પદાર્થના નિત્ય સ્વરૂપના આધારે (અરૂપી ચેતન અસંખ્યપ્રદેશના આધારે) હોવાથી તે આનંદ પણ નિત્ય બાધા વગરનો થયો. અન્ય પદાર્થનું અવલંબન તે આનંદમાં ન રહ્યું. આવા સ્વાધીન આનંદરૂપ તમે પોતે જ છો.

અહીં આમ જાણવું કે તમે આવા સ્વપદાર્થના નિર્ણયથી બુદ્ધિપૂર્વક બાધાઓની કલ્પના નહિ કરો ત્યારે કોઈ વાર અતિ વિવેકથી નિર્વિકલ્પ થશો; કેમકે જે બાહ્ય પદાર્થો માટે વિકલ્પ હતા તેમની જરૂર જ ભાસી નહિ તેથી ઇન્દ્રિયો-મન તેના વિષયોપ્રત્યે સંકલ્પ-વિકલ્પવાળા થયા નહિ, ને ઉપયોગ તેમનાથી પાછો વળીને નિજસ્વરૂપમાં એકાગ્ર રહ્યો. સમસ્ત બાહ્ય પદાર્થોથી જુદા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જ મતલબ વાળા હોવાથી અન્યની ચિન્તાનો વેપાર જ્યારે અટકી જાય છે ત્યારે વીતરાગઉપયોગ નિજસ્વરૂપમાં જોડાઈને આનંદને વેદે છે. અંધારા પછી શૂન્ય નથી પણ ઉજાસ છે તેમ અન્યની ચિન્તાના અભાવમાં શૂન્ય નથી પણ પોતાના અસંખ્ય પ્રદેશમાં નિજસ્વરૂપનો આનંદ છે....અનંત ગુણના સ્વાદનું અત્યંત મધુર આસ્વાદન છે.

આ રીતે એકવાર નિર્વિકલ્પ થઈને ઉપયોગજીવનને જાણ્યું ને નિજસ્વરૂપના આનંદનો નમૂનો ચાખ્યો; પણ હજી પૂર્ણ વીતરાગતા ને પૂર્ણ આનંદ નથી એટલે કંઈક રાગ અને દુઃખ પણ થાય છે. પર પદાર્થનું લક્ષ કરીને અશુભ ને શુભ ભાવો થાય છે, અને તેટલી આકુળતા હોવાથી દુઃખ છે. આમ એક તરફ થોડું દુઃખ, અને બીજી તરફ પોતાના આત્મપદાર્થને અબાધિત નિર્ણયમાં લીધો હોવાથી તેના અવલંબને અતીન્દ્રિયસુખ, એમ બંને ધારા મિશ્રરૂપ ચાલશે. તેમ છતાં, પોતાન ચેતનભાવથી જીવવારૂપ સ્વાધીન-જીવન પસંદ કર્યું હોવાથી શુભ-અશુભભાવોની કે તેના આલંબનરૂપ બાહ્યવિષયોની રુચિ છૂટી ગઈ છે; તેમાં કયાંય પોતાનું જીવન કે સુખ ભાસતું નથી. શરીર વગર, ખોરાક વગર, રાગ વગર મને મારું આત્મજીવન મળ્યું છે, એટલે સુખ માટે હવે બીજું કાંઈ શોધવાપણું રહ્યું નહિ. આ શરીર આવ્યું ને છૂટયું-એ કાંઈ મારું જીવન નથી, મારું જીવન તો દેહ વગરનું અનાદિઅનંત છે, સ્વયંસિદ્ધ પોતાથી જ છે. આવું લાંબુ અને સુખીજીવન આહાર વગર જીવી શકાય છે, રાગ વગર જીવી શકાય છે. કેમકે સ્વવસ્તુનું અસ્તિત્વ જ એવું છે જે ચેતનામય ને સુખમય રહ્યા કરે. તેને રહેવા માટે-ટકવા માટે-જીવવા માટે કોઈ બીજાની જરૂર રહેતી નથી. અનંત સિદ્ધભગવંતો આવું સુખી જીવન સદાકાળ જીવે છે.

**આવું સુખીજીવન જે આત્મભાવથી પ્રાપ્ત થાય તેનું નામ ધર્મ.**
**ધર્મ એટલે સુખ....ને સુખ એટલે આત્માનો ધર્મ.**
**ધર્મ વડે જ મહા આનંદથી ભરપૂર અમર-જીવન પ્રાપ્ત થાય છે.**

# નિશ્ચયથી કરવાયોગ્ય કાર્ય-
# 'શુદ્ધનય' એટલે શુદ્ધ આત્મસ્વરૂપનો અનુભવ,
# -તે એક ક્ષણ પણ ભૂલીશ મા.

[ સ. કળશ. ૧૨૨-૧૨૩ ઉપર, આત્મઅનુભવની ઉત્તમ પ્રેરણા આપનારું સુંદર પ્રવચન ]

મોક્ષાર્થી જીવનું કાર્ય શું ? મોક્ષાર્થી જીવને નિશ્ચયથી આટલું જ કાર્ય છે કે આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવો. શુદ્ધસ્વરૂપ એક ક્ષણ પણ વિસારવા યોગ્ય નથી. –આ જ તાત્પર્ય છે, આ જ શ્રુતનો સાર છે. કેમકે શુદ્ધનય વડે શુદ્ધસ્વરૂપનો અનુભવ કરનાર જીવ કર્મથી મુક્ત થાય છે. અને જેઓ શુદ્ધસ્વરૂપને નથી અનુભવતા, ને તેને છોડીને અશુદ્ધતાને જ દેખે છે તે જીવો પોતાને અશુદ્ધ જ અનુભવતા થકા કર્મથી બંધાય છે. માટે મોક્ષાર્થીએ શુદ્ધનય છોડવા જેવો નથી એ તાત્પર્ય છે.

'શુદ્ધ–નય' એટલે જે શુદ્ધ સ્વરૂપમાં લઈ જાય–દોરી જાય એવો ઉપયોગ તે શુદ્ધનય છે; શુદ્ધ સ્વરૂપની સન્મુખ જઈને તેનો અનુભવ કરવો તે શુદ્ધનય છે. આવો શુદ્ધનય સાધકજીવે ક્ષણમાત્ર પણ વિસારવા જેવો નથી, ભૂલવા જેવો નથી, છોડવા જેવો નથી. આવા શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ શુદ્ધનય તે મોક્ષનું કારણ છે. તે શુદ્ધનયના અભાવમાં બંધન થાય છે. શુદ્ધનયવડે શુદ્ધસ્વરૂપને જાણવાથી અનુભવવાથી જ શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે.

સમ્યગ્દ્રષ્ટિ જીવે શુદ્ધનય વડે પોતાનું કાર્ય કર્યું છે; પોતાનું ઉત્તમ કાર્ય જે શુદ્ધ સ્વરૂપનો અનુભવ, તે કાર્ય ધર્મીજીવે કરી લીધું છે, તેથી તે આત્માના સાચા કાર્યના કર્તા (કાર્યકર) છે, તેને અહીં कृतिभिः કહ્યા છે. એવા સમ્યગ્દ્રષ્ટિ–ધર્માત્મા શુદ્ધનયને એટલે કે પોતાના શુદ્ધ સ્વરૂપને ક્ષણમાત્ર પણ ભૂલતા નથી. શુદ્ધનય સાથે અતીન્દ્રિય સુખસ્વરૂપની પરિણતિ પણ સતત ધારાવાહીપણે વર્તે છે. એવા ધર્માત્માને અંતરમાં પરમાત્મસ્વરૂપના ભેટા થઈ ગયા છે, ને સંસારના અંત આવી ગયા છે. અહો! ધર્મીને નિજસ્વરૂપના વિસ્મરણનો અવકાશ જ નથી; એને એ ગોખીગોખીને યાદ રાખવું નથી પડતું; તે–મય સહજ પરિણતિ જ થઈ ગઈ છે.

શુદ્ધનય એટલે કે શુદ્ધ પરમાત્મસ્વરૂપનો અનુભવ ધર્મીને સદાય વર્તે છે, તે અનુભવરૂપ શુદ્ધનય કેવો છે? કે સમસ્ત રાગ–દ્વેષ–મોહરૂપ અશુદ્ધતાનો અને કર્મોનો મૂળમાંથી જ ક્ષય કરવાના સ્વભાવવાળો છે. નવમા કળશમાં પણ કહ્યું હતું કે જીવવસ્તુ પ્રત્યક્ષપણે અનુભવનશીલ છે. તે જીવવસ્તુ બધા પ્રકારના વિકલ્પોની ક્ષયકરણશીલ છે. ચૈતન્યવસ્તુ વિકલ્પની ઉત્પાદક કે રક્ષક નથી પણ નાશક છે. આવી જીવવસ્તુ જ્યાં અનુભવમાં આવી ત્યાં સર્વ વિકલ્પનો ક્ષય થઈ ગયો.–એવો જ શુદ્ધજીવનો સ્વભાવ જ છે. જેમ સૂર્યમાં અંધકાર નથી તેમ ચૈતન્યવસ્તુના અનુભવમાં વિકલ્પ નથી.

જ્યાં શુદ્ધ સ્વરૂપનો અનુભવનશીલ થયો ત્યાં તે જીવ કર્મોનો ક્ષયકરણશીલ થયો. અંતરની શુદ્ધપરિણતિમાં આનંદના ચોક (સાથીયા) પૂરાયા છે. ચૈતન્યના અનુભવમાં આનંદનો પ્રવાહ વહે છે–એ જ એની મોટપ છે. આવી મોટપ પુણ્યમાં નથી, પુણ્યમાં આનંદનો પ્રવાહ નથી. અશુદ્ધનયથી જોતાં આવી ચૈતન્યવસ્તુ અનાદિથી છે. તે ચૈતન્યનો અનુભવ એવો રામબાણ જેવો છે કે અશુદ્ધતાને અને કર્મને ક્ષય કરે જ.

આવા શુદ્ધ આત્માનો જેણે અનુભવ કર્યો તે 'આતમરામ' થયો. પહેલાં નિજ સ્વરૂપને ભૂલીને પુણ્ય–પાપરૂપી પરભાવોમાં ભમતો ત્યારે 'રખડતા રામ' હતો–ચાર ગતિમાં રખડતો હતો હવે શુદ્ધનયવડે નિજાત્મસ્વરૂપમાં સ્થિર થઈને 'આતમરામ' થયો. –એ આતમરામની મહાન મોટપ છે કે તેની પરિણતિમાં સદાય પરમ આનંદની ધારા વહે છે.

સંયોગ વડે કે રાગવડે આત્માની મોટાઈ નથી પણ શુદ્ધસ્વરૂપનો અનુભવ કરીને અતીન્દ્રિય સુખરૂપે પરિણમે તે જ આત્માને મોટાઈ છે; તેમાં પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે.

નિર્વિકલ્પ વસ્તુ માત્ર આત્માની પ્રાપ્તિ કઈ રીતે થાય છે? તેની આ વાત છે. શુદ્ધનયને ગ્રહણ કરીને શુદ્ધસ્વરૂપને અનુભવતાં રાગાદિમાં આત્મબુદ્ધિ તત્કાળ છૂટી જાય છે ને શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થાય છે. શુદ્ધસ્વરૂપની જે અનુભૂતિ એ જ એની પ્રાપ્તિ છે. પ્રાપ્તિ એટલે પરિણમન; શુદ્ધતારૂપે પરિણમન થવું તે જ શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થઇ કહેવાય. આવા શુદ્ધ સ્વરૂપને એક ક્ષણ પણ હે જીવ! તું ભૂલીશ મા. જ્ઞાનઘન ને આનંદકંદ તે તું છો. રાગાદિ પરભાવ તે ખરેખર તું નથી. –આવા તારા સ્વરૂપને શુદ્ધનયથી સદા લક્ષમાં રાખજે, એકક્ષણ પણ તેને ભૂલીશ મા.

શુદ્ધનયરૂપ ભાવશ્રુતજ્ઞાન વિકલ્પ વગર પ્રત્યક્ષપણે આત્માને અનુભવે છે; ભલે કેવળ– જ્ઞાન જેવું પ્રત્યક્ષ નથી પણ સ્વસંવેદનરૂપ પ્રત્યક્ષ છે–સીધું આત્મસન્મુખ થઈને તે જ્ઞાન આત્માને અનુભવે છે. તે અનુભવમાં આનંદની ધારા વહે છે.

રાગાદિ વિકલ્પોમાં કે સામગ્રીમાં આત્મબુદ્ધિ તે તો ભ્રમ છે, મૃગજળ–સમાન (ધગધગતી રેતીમાં પાણીની કલ્પના સમાન) તે ભ્રમણા છે, જૂઠ છે. જેમ રેતીમાં પાણી નથી તેમ શરીરાદિ જડમાં આત્મા નથી; જેમ રેતીમાં પાણી નથી તેમ રાગાદિમાં આત્માની ચેતના નથી. કોઈ મૃગજળમાં પાણી માનીને તેનાથી તરસ છીપાવવા માંગે, પણ તેનાથી કાંઈ તેની તરસ છીપે નહિ, ઊલ્ટો દુઃખી થાય, તેમ રાગાદિમાંથી કે સામગ્રીમાંથી સુખ લેવા માંગે, તેનાથી આકુળતાની તૃષ્ણા મટાડવા માંગે, પણ તેનાથી કદી સુખ મળે નહિ ને તૃષ્ણા મટે નહિ, ઊલ્ટો તે જીવ મિથ્યાભ્રમણાથી મહા દુઃખી થાય. માટે કહે છે કે–

**હે જીવ! એક ક્ષણ પણ શુદ્ધસ્વરૂપને ભૂલીને બીજે કયાંય આત્મબુદ્ધિ કરીશ નહિ. સદાય શુદ્ધનયસ્વરૂપ શુદ્ધઆત્માને ઉપાદેય કરજે, -તેને શ્રદ્ધામાં રાખજે. એના સિવાય બીજાનો આદર કદી કરીશ નહીં.**



અરે, ચેતનહંસ તું સિદ્ધભગવંતોની સાથે વસનારો, તેને બદલે આ દેહપીંજરામાં તેં તારો વસવાટ કર્યો? ચેતનપ્રભુ થઈને તને જડ પીંજરામાં પૂરાવું કેમ ગમ્યું? જ્ઞાનપાંખ લગાવીને અનુભવના આકાશમાં ઊડ....અને પહોંચી જા તારા સિદ્ધાલયમાં!

( અનુસંધાન પાન ૮ થી ચાલુ )

સામાન્ય અને વિશેષ બંનેમાં જ્ઞાન જ પ્રકાશી રહ્યું છે. જ્ઞેયોને જાણતી વખતે પણ જ્ઞાન તો જ્ઞાનનું જ છે, જ્ઞાન કાંઈ જ્ઞયોનું નથી. રાગને જાણતી વખતે જ્ઞાન તો જ્ઞાન જ છે, જ્ઞાન કાંઈ રાગ નથી. જ્ઞાન ને આનંદ તે મારો સ્વાદ છે. રાગાદિ તે મારો સ્વાદ નથી–આવી ભિન્નતાનું ભાન ભૂલીને અજ્ઞાની જ્ઞાનને અને રાગાદિ જ્ઞેયોને ભેળસેળ અનુભવે છે. હાથીની જેમ;– હાથીને ચૂરમું અને ઘાસ બંનેની ભિન્નતાનો વિવેક નથી, બંનેને મિશ્રપણે ખાય છે; તેમ અજ્ઞાની જ્ઞાન અને રાગને મિશ્રપણે અનુભવે છે, એટલે આનંદનો સ્વાદ તેને આવતો નથી.

અહીં તો કહે છે કે આવા ભિન્ન જ્ઞાનને જે અનુભવે છે તે સકલ શ્રુતરૂપ જિનશાસનને અનુભવે છે. વિકલ્પને જ્ઞેય કરીને જે અટકે છે તે જિનશાસનને અનુભવતો નથી, એટલે ભગવાનના ઉપદેશને જાણતો નથી. શુદ્ધ આત્માને જાણતો નથી ને આનંદને પામતો નથી.

પર્યાય જ્યારે સામાન્યસ્વભાવ તરફ ઝુકી ત્યારે સામાન્યનો આવિર્ભાવ થયો કહેવાય છે. પર્યાયમાં એકલા પરને જ દેખે ને સ્વને ન દેખે તો તેને સામાન્યનો તિરોભાવ થઈ ગયો છે ને વિશેષનો આવિર્ભાવ થયો છે. જો કે વિશેષના આવિર્ભાવ વખતેય જ્ઞાની તો જ્ઞાનને જ્ઞાનપણે જ દેખે છે, એટલે તે વિશેષ વખતેય પોતાને પરથી ભિન્ન જ્ઞાનપણે જ અનુભવે છે. આવો અનુભવ તે જિનશાસન છે.

જિનશાસન એટલે શું? અથવા ભગવાનનો ઉપદેશ ક્યારે સમજ્યો કહેવાય? તેની આ વાત છે. જ્ઞાનપર્યાય રાગથી ને પરસંયોગથી મુક્ત થઇને પોતાના ચિદાનંદસ્વભાવમાં એકતારૂપે પરિણમી, તેમાં શુદ્ધ આત્માની અનુભૂતિ થઈ, તેને જિનશાસન કહ્યું છે. આ જ ભગવાને ઉપદેશેલા સર્વ શ્રુતનો સાર છે.

સામાન્ય અને વિશેષ બંનેના આવિર્ભાવ વખતે પણ જ્ઞાન તો જ્ઞાન જ છે, જ્ઞાન કાંઈ જ્ઞેયપણે પ્રસિદ્ધ નથી થતું પણ જ્ઞાન તો જ્ઞાનપણે જ પ્રસિદ્ધ

રહે છે. જ્ઞાનની ઊર્ધ્વતા છે. જ્ઞેયો જણાય છે તે જ્ઞાનના અસ્તિત્વને પ્રસિદ્ધ કરે છે. જ્ઞાનની અસ્તિ વગર જ્ઞેયને જાણ્યું કોણે? પરજ્ઞેયને જાણતી વખતે પણ જ્ઞાનનું અસ્તિત્વ તો જ્ઞેયથી ભિન્ન જ જ્ઞાની અનુભવે છે. એટલે વિશેષની પ્રસિદ્ધિ વખતેય (–પરને જાણતી વખતેય) જ્ઞાની જ્ઞાનને જ સ્વપણે અનુભવે છે. રાગને જાણતી વખતે 'હું રાગ છું' એમ જ્ઞાની નથી અનુભવતા, પણ 'હું જ્ઞાન છું' એમ જ્ઞાની અનુભવે છે. આવી જ્ઞાનની પ્રસિદ્ધિ, જ્ઞાનની અનુભૂતિ તે જૈનશાસન છે. તેમાં રાગનો અભાવ છે.

જ્ઞાનને જ્ઞાનપણે દેખવું–અનુભવવું ને રાગને તેમાં ભેળસેળ ન કરવો તે ભેદજ્ઞાનની કળા છે. તેમાં ચૈતન્યનું વેદન છે, તેમાં ચૈતન્યની જ મુખ્યતા ને ઊર્ધ્વતા છે. જાણનારો પોતાની વિદ્યમાનતા વગર કોઈને જાણે એમ કદી બની શકે નહિ. જ્ઞેયને જાણ્યું એમ કહેવું ને જાણનાર જ્ઞાનની નાસ્તિ કહેવી –એ કદી સંભવે નહિ.

જ્ઞાનની મુખ્યતા કહો કે જ્ઞાનની જ્ઞાનપણે પ્રસિદ્ધિ કહો; જ્ઞાનને જ્ઞાનપણે પ્રસિદ્ધ કરવું (અનુભવવું) ને જ્ઞાનમાં રાગાદિ જ્ઞેયોને ભેળવવા નહિ, એવા અનુભવનું નામ જિનશાસન છે; તેમાં શાંતિ છે, તેમાં આનંદ છે, તેમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે. આવી અનુભૂતિવાળા આત્માને જ પરમાર્થઆત્મા કહે છે. જેમ છઠ્ઠી ગાથામાં કહ્યું કે પરદ્રવ્યોથી ને પરભાવોથી ભિન્નપણે 'ઉપાસવામાં આવતો' આત્મા તે 'શુદ્ધ' કહેવાય છે, એટલે નિર્મળ પર્યાયરૂપે તે પરિણમ્યો છે. તેમ અહીં સામાન્યજ્ઞાનની પ્રસિદ્ધિ કહેતાં જ્ઞાનપર્યાય અંતરમાં ઢળી ગઈ છે તેની વાત છે. પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને એટલે કે તેમનાથી ભિન્ન જ્ઞાનને અનુભવતાં જે કેવળ એકલા શુદ્ધ આત્માનો અનુભવ થાય છે તેમાં આત્મા સર્વત : વિજ્ઞાનઘન પણે સ્વાદમાં આવે છે. –આવો અનુભવ તે ધર્મ છે, તેમાં અતીન્દ્રિય આનંદ છે, તે જ મોક્ષમાર્ગ અને જિનશાસન છે; અનંતા તીર્થંકરભગવંતોના ઉપદેશનો તે સાર છે.

# જીવના પાંચ ભાવો

## (તેમાંથી મોક્ષના કારણરૂપ ભાવ કયા?)

[ રાજકોટ શહેરમાં આ વખતે સમયસાર ગા. ૧૫ ઉપર પ્રવચનો પૂર્ણ થયા પછી સમયસાર ગા.૩૨૦ ઉપરની જયસેનાચાર્ય રચિત 'તાત્પર્યવૃત્તિ' નામની ટીકા ઉપર પ્રવચનો થયા હતા. પ્રવચનમાં અનુકૂળતા રહે તે માટે તે ગાથાનો ગુજરાતી અનુવાદ ભાઈશ્રી હિંમતલાલ જે. શાહે કરેલ તે છપાવેલ હતો. એના ઉપરનાં પ્રવચનો છપાવીને 'આત્મધર્મ' ના ગ્રાહકોને ભેટ આપવાની જાહેરાત રાજકોટના શેઠશ્રી મોહનલાલ કાનજીભાઇ ઘીયા તરફથી કરવામાં આવી છે; એટલે અહીં તે પ્રવચનોમાંથી થોડોક નમૂનો આપીએ છીએ. ]

*

જ્ઞાનસ્વભાવી આત્મા પરનો અકર્તા ને અવેદક છે, તેને ભૂલીને પરના કર્તૃત્વની ને ભોકતૃત્વની બુદ્ધિથી જીવ સંસારમાં દુઃખી થઈ રહ્યો છે; તેથી અહીં આચાર્યદેવ આત્માનો પરથી ભિન્ન અકર્તા–અભોક્તા જ્ઞાનમાત્ર સ્વભાવ બતાવે છે :–

दिट्ठी संयपि णाणं अकारयं तह अवेदयं चेव ।
जाणदि य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव ।।३२०।।

જેમ આંખ અગ્નિને કરતી નથી કે તેની ઉષ્ણતાને વેદતી નથી; જો આંખ અગ્નિને કરે કે ભોગવે તો તો આંખ બળી જાય. –પણ આંખ તો દેખનારી જ છે; સંધુકણ કરનારને આંખ દેખે છે ને અગ્નિથી ઉષ્ણ થયેલ લોખંડના ગોળાને પણ આંખ દેખે જ છે, પણ તેને આંખ કરતી કે ભોગવતી નથી, આંખ તો દેખનાર જ રહે છે, તેમ જ્ઞાન અને દર્શન જેની આંખ છે એવો આત્મા પણ બાહ્યપદાર્થોને કે કર્મના બંધ–મોક્ષને કરતો નથી ને ભોગવતો નથી, તેનો દ્રષ્ટા–જ્ઞાતા જ રહે છે. –આત્માનો દ્રષ્ટા–જ્ઞાતા સ્વભાવ અનુભવમાં લેવો તે ધર્મ છે.

ભાઈ! તું તો જ્ઞાનસ્વરૂપ છો. તારું ચૈતન્યનેત્ર જગતનું સાક્ષી છે, પણ પોતાથી બાહ્ય એવા રાગાદિને કે જડની ક્રિયાને તે કરનાર નથી. શુદ્ધ જ્ઞાનમાં પરનું કર્તા–ભોક્તાપણું સમાતું નથી. જ્ઞાનમાં રાગાદિનું કર્તાપણું માનવું તે તો આંખ પાસે પથરા ઉપડાવવા જેવું છે. જ્ઞાનભાવની મૂર્તિ આત્મા છે, તે જ્ઞાનરૂપે પરિણમેલા જ્ઞાની રાગાદિના કર્તા–ભોક્તાપણે પરિણમતા નથી. જ્ઞાનના પરિણમનમાં રાગનું પરિણમન નથી. શુદ્ધપરિણતિમાં અશુદ્ધ પરિણતિનું કર્તૃત્વ કેમ હોય ? શુદ્ધપરિણતિરૂપે પરિણમેલો જીવ પણ રાગાદિ અશુદ્ધતાનો કર્તા–ભોક્તા નથી. તેનું ઉપાદાન શુદ્ધપણે પરિણમી રહ્યું છે. શુદ્ધ ઉપાદાનરૂપે પરિણમતો તે જીવ શુદ્ધભાવનો જ કર્તા–ભોક્તા છે, તે અશુદ્ધતાનો કર્તા–ભોક્તા નથી. આવી શુદ્ધતારૂપે પરિણમેલો આત્મા તે શુદ્ધઆત્મા છે.

અરે જીવ! તારી ચૈતન્યજાત કેવી છે? તારી ચૈતન્યઆંખ કેવી છે. તેની આ વાત છે. જગતનું પ્રકાશક પણ જગતથી જાુદું એવું જ્ઞાનનેત્ર તે તારું સ્વરૂપ છે. આવા જ્ઞાનસ્વરૂપની શ્રદ્ધા ને અનુભવ કરવો તે કરવાનું છે. પરભાવનું કર્તૃત્વ–ભોક્તૃત્વ જ્ઞાનને સોંપવું તે તો બોજો છે. કોઈ આંખ પાસે રેતી ઉપડાવવા માંગે તો તે આંખનો નાશ કરવા જેવું છે; તેમ જડનું ને પુણ્ય–પાપનું કાર્ય જ્ઞાન પાસે કરાવવા માગે છે તેને જ્ઞાનની શ્રદ્ધા જ નથી. ધર્મી તો વિકાર વગરના જ્ઞાનમાત્રભાવે પોતાને અનુભવે છે. શુદ્ધદ્રષ્ટિની જેમ શુદ્ધજ્ઞાન (ક્ષાયિકજ્ઞાન) પણ રાગાદિનું અકર્તા–અભોક્તા છે. ક્ષાયિકજ્ઞાન કહેતાં તેરમા ગુણસ્થાનની જ વાત ન સમજવી; ચોથા ગુણસ્થાનથી પણ જે શુદ્ધ જ્ઞાનપરિણમન થયું છે તે પણ ક્ષાયિકજ્ઞાનની જેમ જ રાગાદિનું અકર્તા ને અભોક્તા છે. જ્ઞાનનો સ્વભાવ જ રાગાદિનો અકર્તા–અભોક્તા છે. અહો! મિથ્યાત્વ છૂટતાં જીવ સિદ્ધસદ્રશ છે. જેમ કેવળજ્ઞાન થતાં રાગાદિનું કર્તા–ભોક્તાપણું જરાપણ રહેતું નથી તેમ અહીં પણ જ્ઞાનનો એવો જ સ્વભાવ છે–એમ ધર્મીજીવ જાણે છે.

અહો! જેમ કેવળજ્ઞાનમાં રાગનું કે પરનું કર્તા–ભોક્તાપણું નથી, તેમ જ્ઞાનના કોઈ અંશમાં પરનું કે રાગનું કર્તા–ભોક્તાપણું નથી. આત્મા આવા જ્ઞાનસ્વભાવથી ભરપૂર છે. જ્ઞાનમાં એવું કોઈ બળ નથી કે પરને કરી દ્યે. કેવળજ્ઞાન થતાં જ્ઞાનનું જોર ઘણું વધી ગયું તેથી જ્ઞાન પરમાં કાંઈ કરે–એમ બનતું નથી. ભાઈ, તારું જ્ઞાન તો પોતાના આનંદને ભોગવનારું છે, એ સિવાય પરને તો તે કરતું–ભોગવતું નથી. જ્ઞાનની અનંતી તાકાત પ્રગટી–પણ તે તાકાત શું કરે? પોતાના પૂરા આનંદને તે વેદે, પણ પરમાં કાંઈ કરે નહિ. ભાઈ! અનંત વીર્યસહિત એવું જે ક્ષાયિકજ્ઞાન તેમાં પણ પરને કરવા–ભોગવવાની તાકાત નથી તો તારામાં એ વાત કયાંથી લાવ્યો? તને ક્ષાયિકજ્ઞાનની ખબર નથી એટલે તારા જ્ઞાનસ્વભાવનીયે તને ખબર નથી.

આવા જ્ઞાનસ્વભાવને ઓળખીને જે શુદ્ધ જ્ઞાનપરિણતિરૂપે પરિણમ્યો તે જીવ શું કરે છે? –કે બંધમોક્ષને તેમજ ઉદય–નિર્જરાને જાણે જ છે. કર્મની બંધ–મોક્ષ કે

ઉદય–નિર્જરારૂપ અવસ્થાને જ્ઞાન જાણે જ છે. જેમ કેવળજ્ઞાન સાતા વગેરેના પરમાણુ આવે કે જાય તેને માત્ર જાણે જ છે, તેમ સર્વજ્ઞસ્વભાવની દ્રષ્ટિવાળો ધર્મીજીવ પણ કર્મના બંધ–મોક્ષને કે ઉદય–નિર્જરાને જાણે જ છે. રાગાદિને પણ તે જાણે જ છે, પણ તેનું જ્ઞાન તે અશુદ્ધતા સાથે ભળી જતું નથી, જુદું જ રહે છે.

દ્રવ્યસ્વભાવમાં તો પરનું કર્તા–ભોક્તાપણું નથી, અને તે સ્વભાવની દ્રષ્ટિરૂપ જે નિર્મળપરિણતિ થઈ તેમાં પણ પરનું કર્તા–ભોક્તાપણું નથી. મેં રાગ કરીને પુણ્યકર્મ બાંધ્યા, ને તે પુણ્યના ફળને હું ભોગવું છું–એમ ધર્મી માનતા નથી, હું તો જ્ઞાન જ છું–એમ ધર્મી પોતાને જ્ઞાનરૂપે જ અનુભવે છે.

વળી કોઈ અશુભકર્મનો ઉદય આવી પડે ( –જેમકે શ્રેણિકને નરકમાં પાપકર્મનો ઉદય છે– ) ત્યાં પણ ધર્મીજીવ તે અશુભકર્મના ફળરૂપે પોતાને નથી અનુભવતા, તે તો તેનાથી ભિન્ન જ્ઞાનપણે જ પોતાને અનુભવે છે, પોતાના આત્મિક આનંદને જ અનુભવે છે. જે શુભાશુભ છે તેના વેદનને પોતાના જ્ઞાનથી ભિન્ન જાણે છે. જેમ સૂર્ય જગતના અનેક શુભાશુભ પદાર્થોને રાગ–દ્વેષ વગર પ્રકાશે જ છે, પણ તેને કરતો કે ભોગવતો નથી, એવો જ એનો પ્રકાશકસ્વભાવ છે; તેમ જ્ઞાનસૂર્ય આત્મા પણ પોતાના ચૈતન્યકિરણો વડે શુભાશુભકર્મના ઉદયને કે નિર્જરાને, બંધને કે મોક્ષને જાણે જ છે, પણ તેને કરવા–ભોગવવાનો તેનો સ્વભાવ નથી. જ્ઞાન તો જ્ઞાનપણે જ રહે છે. જ્ઞાનનું જ્ઞાનપણું પોતાથી જ છે. કર્મની જે અવસ્થા થાય તેને તે જાણે છે. આવો જ્ઞાનસ્વભાવી આત્મા છે–તેને જાણીને તે જ્ઞાનસ્વભાવની ભાવના કરવી એવો ઉપદેશ છે.

જ્ઞાનસ્વભાવી આત્મા તે જીવતત્ત્વ છે.

**બંધ-મોક્ષ કે ઉદય-નિર્જરારૂપ પુદ્‌ગલકર્મ તે અજીવતત્ત્વ છે. એ બંનેની ભિન્નતા છે. અહો, આવી ભિન્નતાનું ભાન કરીને જે જ્ઞાનસ્વભાવમાં ઊતર્યા તે અતીન્દ્રિય આનંદનું મહા સુખ માણે છે. ( માંહી પડયા તે મહા સુખ માણે. )**

[ ફાગણ સુદ ૧૧ ]

સમ્યગ્દર્શનના વિષયરૂપ શુદ્ધ આત્મા કેવો છે ? તેનું આ વર્ણન છે. તે આત્મા કર્મના બંધ–મોક્ષનો કે ઉદય–નિર્જરાનો કર્તા–ભોક્તા નથી.

“द्रव्यात्मलाभ” તે પારિણામિકભાવનું લક્ષણ કહ્યું છે; એટલે દ્રવ્યનું નિજસ્વરૂપે અસ્તિત્વ તે દ્રવ્ય–આત્મલાભ છે; પારિણામિકભાવે દ્રવ્ય સદા નિજસ્વરૂપે એકરૂપ અસ્તિત્વવાળું છે, ધ્રુવદ્રષ્ટિથી જોતાં વસ્તુ ધ્રુવ છે, તે ધ્રુવદ્રષ્ટિમાં પરિણમન દેખાતું નથી; પરિણમન તે પર્યાયનયનો વિષય છે.

દ્રવ્ય–પર્યાય બંનેને ભાવશ્રુતજ્ઞાનપ્રમાણ જાણે છે. સ્વસંવેદનરૂપ ભાવશ્રુતજ્ઞાનમાં દ્રવ્ય–પર્યાય જેમ છે તેમ જણાય છે. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બંને તે ભાવશ્રુતના અંશો છે– અવયવો છે–નય છે.

ધ્રુવભાવ છે તે પર્યાયને કરતો નથી; પર્યાયનો કર્તા પર્યાયધર્મ છે. શુદ્ધ–દ્રવ્યાર્થિકનય કેવો છે? કે સર્વવિશુદ્ધ એવા પરમ પારિણામિક પરમભાવનો ગ્રાહક છે, શુદ્ધ ઉપાદાનભૂત છે. રાગાદિનું કર્તૃત્વ–ભોક્તૃત્વ શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જીવમાં નથી. નિર્મળપર્યાય કે મલિનપર્યાય તે દ્રવ્યાર્થિકનયમાં ન આવે. દ્રવ્યાર્થિકનયમાં તો એકલું દ્રવ્ય જ આવે; એ અપેક્ષાએ દ્રવ્યાર્થિકનયમાં તો જીવને પરિણામથી શૂન્ય કહેવાય છે. શુદ્ધપર્યાય તે વખતે છે ખરી પણ દ્રવ્યદ્રષ્ટિમાં તે આવતી નથી.

મોક્ષમાર્ગ કે મોક્ષ તે નિર્મળપરિણામ છે, તે દ્રવ્યરૂપ નથી. દ્રવ્યને દેખનારી દ્રષ્ટિમાં પર્યાય ન આવે. પર્યાય તે પર્યાયાર્થિકનયનો વિષય છે. આવા દ્રવ્ય–પર્યાયરૂપ વસ્તુ છે–એમ આગળ કહેશે. પરસ્પર સાપેક્ષ એવું દ્રવ્યપર્યાયદ્વય તે આત્મપદાર્થ છે.

બંધ ને મોક્ષનાં કારણ તે બંને પર્યાય છે; દ્રવ્યરૂપ એવો પારિણામિક પરમભાવ તો બંધ–મોક્ષનું કારણ નથી. પારિણામિકભાવ પોતે સર્વથા પર્યાયરૂપ થઈ જાય તો તો પર્યાયની સાથે તે પણ નાશ પામી જાય.

જ્ઞાનીનો અનાદર, દેવ–ગુરુની નિંદા વગેરે કારણોથી તીવ્ર દર્શનમોહ બંધાય છે. આવા જે બંધકારણો તે શુદ્ધજીવમાં નથી. આવા શુદ્ધજીવને સમ્યગ્દ્રષ્ટિ દેખે છે. તેથી અહીં કહ્યું કે ‘સર્વવિશુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ–ભોક્તૃત્વથી તથા બંધ–મોક્ષનાં કારણ ને પરિણામથી શૂન્ય છે.’

આઠ કર્મ કે તેના બંધનના કારણરૂપ અશુદ્ધ પરિણામો તે શુદ્ધ દ્રવ્યદ્રષ્ટિથી જીવમાં નથી. અને સ્વસન્મુખ થઈને સમ્યગ્દર્શનાદિ મોક્ષકારણરૂપે પરિણમે છે તે પર્યાય પણ શુદ્ધદ્રવ્યદ્રષ્ટિમાં આવતી નથી, તે તો પર્યાયદ્રષ્ટિનો વિષય છે. બંને નયોના વિષય ભિન્નભિન્ન છે. પરસ્પર સાપેક્ષ આવા દ્રવ્ય–પર્યાયનું જોડકું તે આત્મવસ્તુ છે.

મોક્ષનું કારણ કે મોક્ષ, બંધનું કારણ કે બંધ, એ બધી અવસ્થાઓ વખતે ધ્રુવદ્રવ્ય તો એકરૂપ એવું ને એવું છે; પર્યાય અનિત્ય છે, દ્રવ્ય–નિત્ય છે, –એ બંનેની સાપેક્ષતાવડે વસ્તુ સિદ્ધ થાય છે, એટલે કે બે નયોનો વિરોધ રહેતો નથી.

જાુઓ, આ આત્મવસ્તુને જાણવાની રીત.

આત્માના પાંચ ભાવો બતાવીને તેમાં કયા ભાવો બંધ–મોક્ષના કારણરૂપ છે એ વાત પછી સમજાવશે. એક ક્ષણિક અંશમાં બંધન હતું ને ટળ્યું તેથી આખો પુરુષ તો તે બંધ કે મોક્ષ જેટલો નથી–એ વાત દ્રવ્યસંગ્રહમાં પણ બતાવી છે.

અહીં દ્રવ્યદૃષ્ટિથી જે શુદ્ધદ્રવ્ય છે તેને દેખવું–જાણવું–અનુભવવું તે મોક્ષમાર્ગ છે. શુદ્ધદ્રવ્યદૃષ્ટિમાં બંધ–મોક્ષપર્યાય ન આવે; આ અપેક્ષાએ શુદ્ધદ્રવ્યાર્થિકનયે જીવને પરિણામથી શૂન્ય કહ્યો. પણ જીવ સર્વથા પરિણામથી શૂન્ય નથી. દ્રવ્ય ને પર્યાય કથંચિત્ ભિન્ન છે, સર્વથા ભિન્ન નથી.

દ્રવ્ય શું, પર્યાય શું, ધ્યાન શું, ધ્યેય શું તેને જાણ્યા વગર કેટલાક કહે છે કે શૂન્યનું ધ્યાન કરવું. પણ ભાઈ! કોનું ધ્યાન કરીશ? સર્વથા શૂન્યનું ધ્યાન હોઈ ન શકે. સત્‌નું ધ્યાન હોય. સત્ કેવું છે તેની ઓળખાણ વગર ધ્યાન ન હોય.

જયસેનાચાર્યરચિત આ ટીકાનું નામ “તાત્પર્યવૃત્તિ’ છે; તેમાં શાસ્ત્રનું તાત્પર્ય શું? જ્ઞાનનું તાત્પર્ય શું? તે બતાવે છે. આત્માનો સારભૂત સ્વભાવ શું–કે જેને લક્ષમાં લેતાં સમ્યગ્દર્શન–જ્ઞાન–આનંદ થાય. એવા તાત્પર્યભૂત સારરૂપ આત્મસ્વરૂપનું આ વર્ણન છે. કદાચ ઝીણું પડે તોપણ, આ આત્માના હિત માટેની પ્રયોજનભૂત વાત છે–એમ લક્ષમાં મહિમા લાવી પ્રયત્ન કરવો, તો જરૂર સમજાય તેવું છે. જીવમાં તો કેવળજ્ઞાન લેવાની તાકાત છે, તો પોતાની વાત એને ન સમજાય એ કેમ બને? પણ તે માટે અંતરમાં ઊંડી લગની ને આત્માની દરકાર જોઈએ.

આત્માનો કાયમ ટકતો સ્વભાવ શું ને તેની નિર્મળ પર્યાય શું? વિકાર શું ને પર શું? –એ બધા પ્રકારોને જેમ છે તેમ ઓળખીને, તેમાંથી પોતાના હિતનું કારણ કોણ છે–એટલે કે મોક્ષનું કારણ કોણ છે? તેની આ વાત છે. આત્માને સમજવા માટે ને અનુભવમાં લેવા માટે તેની ખુમારી ચડવી જોઈએ. જેમ બંધાણીને અફીણ વગેરેની ખુમારી ચડે છે તેમ આત્માના હિત માટે તેના અનુભવની એવી ખુમારી ચડે કે દુનિયાનો રસ ઊડી જાય.–

**લાગી લગન હમારી જિનરાજ લાગી લગન હમારી;**
**કાહુકે કહે કબહું ન છૂટે લોકલાજ સબ ડારી;**
**જૈસે અમલી અમલ કરત સમે લાગ રહી ખુમારી...**
**લાગી લગન હમારી...**

ભગવાન આત્માની જેને લગની લાગી તેને તેની ખુમારી ઊતરે નહિ, દુનિયા શું કહેશે તે જોવા તે રોકાય નહિ. પોતાના આનંદકંદ સ્વભાવમાં દૃષ્ટિ કરતાં જે સમ્યગ્દર્શનાદિ નિર્મળપર્યાય જન્મી તે હવે પાછી ફરે નહિ. ...તે તો કેવળજ્ઞાન લીધે જ છૂટકો.

જુઓ ભાઈ, લોકોને પરદેશની વિદ્યાના ભણતરનો મહિમા આવે છે, પણ એ તો નાસ્તિક છે. આત્માના હિતની સાચી અધ્યાત્મવિદ્યા આપણા ભારતદેશમાં જ છે, એનો જ સાચો મહિમા છે. આત્માની આવી વાત કાને પડવી પણ બહુ મોંઘી છે.

મોંઘી છે પણ મધુરી મીઠી અમૃત જેવી વાત છે. –‘અમૃત ઝર્યા રે પ્રભુ! પંચમકાળમાં.’ –આ સમજતાં આત્મામાં અતીન્દ્રિય આનંદનાં અમૃત ઝરે છે.

આત્માને શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જોતાં તે પરમ પારિણામિકભાવરૂપ દેખાય છે. નય તે ભાવશ્રુતજ્ઞાનનો અંશ છે. તે નય ઉપયોગાત્મક છે, એટલે શું? કે શુદ્ધદ્રવ્યને લક્ષમાં લઈને તેને ધ્યેય કરનાર શુદ્ધનયનો ઉપયોગ તે શુદ્ધદ્રવ્ય તરફ ઢળેલો છે, અને તે પર્યાય છે. ત્રિકાળદ્રવ્યનો નિર્ણય ત્રિકાળ વડે ન થાય, ત્રિકાળનો નિર્ણય વર્તમાન વડે થાય છે.

અનંત ગુણો સહજ પારિણામિકભાવે જેમાં વર્તે છે એવા શુદ્ધ જીવને જોનારી પર્યાય તે શુદ્ધનય છે. પ્રગટેલા ભાવશ્રુતજ્ઞાનનો જે ઉપયોગ વર્તે છે તે નય છે. ધ્રુવ વસ્તુનું લક્ષ તો પલટતું જ્ઞાન કરે છે, કંઈ ધ્રુવ પોતે ધ્રુવનું લક્ષ નથી કરતું; અંદરના શુદ્ધનયના દરવાજામાં પેસીને મોક્ષનો અનુભવ કરવાની આ વાત છે.

શુદ્ધદ્રવ્ય ત્રિકાળ ધ્રુવ સત્ છે; પણ ‘છે’ તેની હયાતીનો નિર્ણય કોણે કર્યો? ધ્રુવ તો કાર્યરૂપ નથી, કાર્યરૂપ તો પર્યાય છે, ને તે પર્યાય ઉપશમાદિ ભાવરૂપ છે. ધ્રુવસ્વભાવ તે પારિણામિક પરમભાવ છે. દ્રવ્યાત્મલાભરૂપ જે પારિણામિકભાવ છે તેનો કોઈ હેતુ નથી. –આવા દ્રવ્ય તરફનો જે જ્ઞાનનો વેપાર એટલે કે અંતર્મુખ ઉપયોગ તે શુદ્ધ દ્રવ્યાર્થિક નય છે. ‘નય’ એ ભાવશ્રુતજ્ઞાનનો વેપાર છે.

કર્તાપણું–ભોક્તાપણું તે પર્યાયનું કાર્ય છે, દ્રવ્યદ્રષ્ટિમાં તે કર્તાપણું–ભોક્તાપણું નથી, આત્મામાં પરનું તો કર્તા–ભોક્તાપણું નથી, રાગનુંય કર્તા–ભોક્તાપણું આત્માના સ્વભાવમાં નથી, ને નિર્મળપરિણામનું જે કર્તા–ભોક્તાપણું પર્યાયમાં છે તે પણ શુદ્ધ દ્રવ્યાર્થિકનયની દ્રષ્ટિમાં આવતું નથી. કેમકે બંને નયના બે વિષયો છે. તે પરસ્પર સાપેક્ષ છે. શુદ્ધદ્રવ્યને દેખનાર નય તે તો નિર્મળપર્યાય છે. તેમાં આનંદનું કર્તા–ભોક્તાપણું છે. બંધ ને બંધનું કારણ, મોક્ષ ને મોક્ષનું કારણ–એ બધું પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી, એ અપેક્ષાએ જીવને તેનાથી શૂન્ય કહ્યો છે. જીવમાં બંધપણું કે મોક્ષપણું એ ત્રિકાળી નથી પણ ક્ષણિક પર્યાયરૂપ છે.

શુદ્ધનું લક્ષ કરનાર નિર્મળ પરિણામ છે તે કાંઈ શૂન્ય નથી, તે તો વીતરાગી શાંતિની અસ્તિરૂપ છે, તેનો કાંઈ અનુભવમાં અભાવ નથી થતો. વિકલ્પનો અભાવ છે, ખેદનો અભાવ છે, પણ નિર્મળપર્યાય છે તેમાં આનંદનો અભાવ નથી. ત્રિકાળનું લક્ષ કરનાર વર્તમાન પર્યાય છે, તેનો અનુભવ છે. અનુભવની પર્યાય છે તે ત્રિકાળી શુદ્ધસ્વભાવ તરફ ઢળી છે; શુદ્ર દ્રવ્યના લક્ષે તે પરિણામ થયા છે, તે પરિણામ શુદ્ધ દ્રવ્યની દ્રષ્ટિમાં નથી, એ અપેક્ષાએ શુદ્ધજીવને બંધ–મોક્ષના પરિણામથી શૂન્ય કહ્યો; અને આવા શુદ્ધસ્વભાવના લક્ષે જે નિર્મળપર્યાય પ્રગટી તેમાં વિકલ્પની–ખેદની શૂન્યતા છે. શુદ્ધનયવડે આવા શુદ્ધજીવનો અનુભવ તે મોક્ષમાર્ગ છે.

* * *

## પાંચ ભાવ સંબંધી વિશેષ ખુલાસો

ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક–એ પાંચ ભાવો જીવના છે, તેમાંથી કયો ભાવ મોક્ષનું કારણ છે તે વિચારવામાં આવે છે :–

આત્મદ્રવ્ય કેવું છે, તેની ભૂલદશા કેવી છે ને ભૂલ ટળતાં આનંદદશા થાય તે કેવી છે? એ બધું પાંચ ભાવોમાં આવી જાય છે.

પાંચ ભાવમાં અહીં પહેલો ઉપશમભાવ લીધો છે. અનાદિના અજ્ઞાની જીવને સૌથી પહેલી ધર્મદશા ને અપૂર્વ શાંતિ ઉપશમભાવ વડે શરૂ થાય છે. મિથ્યાત્વરૂપી ઝેરી સર્પ ઉપશમભાવરૂપી અમૃત વડે શાંત થાય છે. મોક્ષના પંથે જતા જીવને સૌથી પહેલાં ઉપશમસમ્યક્ત્વ થાય છે. ચૈતન્યને પહેલવહેલો પકડીને તેની અનુભૂતિ કરતાં મિથ્યાત્વનો ઉપશમ થઈ જાય છે. આ ઉપશમભાવમાં ઉદયનો અભાવ છે; ને આ ઉપશમભાવ તે પર્યાયરૂપ છે, મોક્ષના કારણરૂપ છે. ઉપશમભાવમાં ચૈતન્યની શાંતિ છે. 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં.....' ચૈતન્યના ઉપશમરસનો અનુભવ સૌથી પહેલાં ઉપશમભાવ વડે થાય છે.

મોક્ષમાર્ગમાં ક્ષાયોપશમિકભાવ પણ છે. અહીં અનાદિથી અજ્ઞાનદશામાં પણ જ્ઞાનાદિનો જે ક્ષયોપશમભાવ છે તે ન લેવો; પણ ઉપશમભાવપૂર્વક સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રાદિમાં ક્ષયોપશમભાવરૂપ જે પર્યાય થાય છે તે મોક્ષમાર્ગરૂપ છે. મોક્ષમાર્ગી જીવને આવા ક્ષાયોપશમિકભાવરૂપ નિર્મળપર્યાય પણ આવ્યા વિના રહેતી નથી. આ ભાવ પણ પર્યાયરૂપ છે.

ક્ષાયિકભાવ તે સર્વથા કર્મના ક્ષયરૂપ સંપૂર્ણ શુદ્ધદશા છે. તે પણ દ્રવ્યરૂપ નથી પણ નિર્મળ પર્યાયરૂપ છે. આ ભાવ મોક્ષના કારણરૂપ તેમ જ મોક્ષરૂપ છે.

ઔદયિકભાવ તે કર્મના ઉદય સહિત એવા મલિન પરિણામ છે. રાગ–દ્વેષ–મિથ્યાત્વાદિભાવો તે ઔદયિક છે.

પાંચમો ભાવ શુદ્ધપારિણામિકભાવ છે તે દ્રવ્યરૂપ છે ને ચાર ભાવો પર્યાયરૂપ છે.

આમ પરસ્પર સાપેક્ષ એવા દ્રવ્ય–પર્યાયદ્વય તે આત્મપદાર્થ છે. પર્યાયને દ્રવ્યની અપેક્ષા છે, ને દ્રવ્યને પર્યાયની અપેક્ષા છે. આમ પરસ્પર સાપેક્ષ દ્રવ્ય–પર્યાય બંનેરૂપ આત્મવસ્તુ છે.

પહેલાં દ્રવ્યદ્રષ્ટિમાં જીવને પરિણામથી શૂન્ય કહ્યો ને અહીં પર્યાયસાપેક્ષ કહ્યો. –એવું જ વસ્તુસ્વરૂપ છે. દ્રવ્ય–પર્યાય બંને વગર જીવવસ્તુ સિદ્ધ થાય નહિ. દ્રવ્ય અને પર્યાયની જોડી તે આત્મપદાર્થ છે. દ્રવ્યરૂપ જીવ, પર્યાયરૂપ જીવ–એ બંને એકરૂપ થઈને જીવવસ્તુ છે.

રાગાદિને અનાત્મા કહ્યો છે. શુદ્ધજીવમાં રાગાદિ નથી, ને શુદ્ધજીવને વિષય કરનાર નિર્મળપર્યાયમાં પણ રાગાદિ નથી. આવી પર્યાય તે મોક્ષમાર્ગ છે; ને વસ્તુ પારિણામિકભાવે ત્રિકાળ છે.

મોક્ષમાર્ગમાં ઉપશમિક, ક્ષાયિક કે ક્ષાયોપશમિકભાવ આવે, પારિણામિકભાવ કે ઔદયિકભાવ તે મોક્ષમાર્ગરૂપ નથી. ઔદિયિકભાવ તે બંધરૂપ છે. પારિણામિકભાવ બંધ–મોક્ષની અપેક્ષા વગરનો ત્રિકાળ એકરૂપ છે. પાંચ ભાવોનું આવું સ્વરૂપ ઓળખે તો ત્રિકાળશુદ્ધભાવને આધારે ઔપશમિકાદિ ભાવરૂપ મોક્ષમાર્ગ પ્રગટ થાય છે. આ રીતે દ્રવ્ય–પર્યાયના જોડકારૂપ આત્મવસ્તુ છે.

જીવના પાંચ ભાવોની વાત ચાલે છે.–

ત્યાં પ્રથમ તો જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એમ ત્રણ પ્રકારના પારિણામિકભાવો છે; તેમાં શુદ્ધજીવત્વશક્તિલક્ષણરૂપ પારિણામિકપણું તે તો શુદ્ધદ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી નિરાવરણ અને ‘શુદ્ધપારિણામિકભાવ’ એવી સંજ્ઞાવાળું જાણવું; તે તો બંધ–મોક્ષપરિણતિથી રહિત છે.

–આવા સ્વભાવને અનુસરતાં શુદ્ધતા થાય છે, તે મોક્ષમાર્ગ છે. પણ મોક્ષમાર્ગ તે શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય નથી. શુદ્ધપારિણામિકભાવ તે સહજભાવ છે; તે કોઈ કર્મથી બંધાય નહિ, ને તેને છૂટવાપણું પણ ન હોય. બંધન અને છૂટવું તે બંને પર્યાયમાં છે.

શુદ્ધ ચૈતન્યપ્રાણરૂપ જીવત્વ તે શુદ્ધજીવત્વ છે.

અશુદ્ધ દશ પ્રાણોથી જીવવારૂપ જીવત્વ તે અશુદ્ધજીવત્વ છે, તેમજ ભવ્યત્વ તથા અભવ્યત્વ એ બંને પણ પર્યાયાર્થિકનયાશ્રિત છે,–આ ત્રણે પ્રકારોને ‘અશુદ્ધ પારિણામિકભાવ’ની સંજ્ઞા છે. શુદ્ધનયના વિષયમાં તે આવતા નથી. સિદ્ધોને તેનો અભાવ છે, ને શુદ્ધનયથી સર્વે જીવોને તેનો અભાવ છે. –એટલે શુદ્ધજીવનો સ્વભાવ ન હોવાથી તેને અશુદ્ધ કહ્યા છે.

જડરૂપ પ્રાણથી તો આત્મા ત્રિકાળ જુદો છે; ને અંદર જીવની પર્યાયમાં દશ પ્રાણ ધારણ કરવારૂપ જે યોગ્યતા–તે પણ જીવનું શુદ્ધ જીવન નથી. એકરૂપ સહજ જીવત્વસ્વભાવ તે શુદ્ધપારિણામિકભાવ છે. મોક્ષ થવાની યોગ્યતા અથવા મોક્ષ થવાની અયોગ્યતા–એ બંને ભાવો પર્યાયરૂપ છે; ને પર્યાયરૂપ હોવાથી તેને ‘અશુદ્ધપારિણામિક’ કહ્યા છે. શુદ્ધદ્રવ્યરૂપે એવો જે પરમસ્વભાવ તે શુદ્ધનયનો વિષય છે ને તેને શુદ્ધપારિણામિકભાવ કહ્યો છે. –આવા લક્ષણવાળા નિજપરમાત્મદ્રવ્યના સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન–અનુસરણ તે મોક્ષમાર્ગ છે, તે ઔપશમિકાદિ ત્રણ ભાવરૂપ છે.

જીવને નથી કંઈ જીવસ્થાનો; માર્ગણાસ્થાનો પણ શુદ્ધ જીવને નથી. ગતિ, ઇન્દ્રિય વગેરે ૧૪ માર્ગણાવડે જીવને ઓળખાવવો તે વ્યવહારજીવ છે; પરમાર્થભૂત શુદ્ધજીવસ્વભાવ માર્ગણાથી પાર છે.

શુદ્ધનયથી જોતાં બધાય જીવો અશુદ્ધપ્રાણોથી રહિત છે; ને સિદ્ધભગવંતોને તો પર્યાયમાં પણ અશુદ્ધભાવો રહ્યા નથી. સંસારી જીવોને પર્યાયમાં અશુદ્ધભાવો છે પણ શુદ્ધદ્રવ્યની દ્રષ્ટિથી જોતાં તેનામાં અશુદ્ધભાવોનો અભાવ છે. બધાય જીવો પરમપારિણામિક શુદ્ધભાવરૂપ છે.

ત્રણ પ્રકારના જે અશુદ્ધ પારિણામિકભાવ કહ્યા, તેમાં ભવ્યત્વપારિણામિકભાવને તો યથાસંભવ સમ્યકત્વાદિ જીવગુણોનું ઘાતક દેશઘાતી અને સર્વઘાતીકર્મ પર્યાયાર્થિકનયે ઢાંકે છે એમ જાણવું. સમ્યકત્વાદિરૂપ મોક્ષમાર્ગ પ્રગટે ત્યારે ભવ્યત્વશક્તિ વ્યક્ત થઈ કહેવાય છે. મોક્ષદશા થઈ ગયા પછી મોક્ષની યોગ્યતારૂપ વ્યવહાર રહેતો નથી.

અનંત ચૈતન્યશક્તિથી ભરેલો આત્મા ચમત્કારિક વસ્તુ છે–અલૌકિક ધર્મો આત્મામાં છે, પણ જીવોને તેની ખબર નથી. શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે–ચૈતન્યનો ગુપ્ત ચમત્કાર સૃષ્ટિના લક્ષમાં નથી. ભાઈ ! તારી પરમશક્તિ સંતો તને ઓળખાવે છે.

પરમ પારિણામિકભાવરૂપ જે પરમાત્મસ્વભાવ તેની સન્મુખ પરિણમતાં જે શુદ્ધભાવ પ્રગટે છે તેને ‘શુદ્ધાત્માભિમુખ પરિણામ’ અથવા શુદ્ધોપયોગ કહેવાય છે; તેને મોક્ષમાર્ગ કહેવાય છે; તે પરિણામ ઔપશમિક–ક્ષાયોપશમિક કે ક્ષાયિકભાવરૂપ છે.

પાંચ ભાવમાં પારિણામિકભાવને તો બંધ–મોક્ષ રહિત કહ્યો, બંધ–મોક્ષની ક્રિયા તેમાં ન હોવાથી તેને નિષ્ક્રિય પણ કહેવાય.

બાકીના ચાર ભાવો પર્યાયરૂપ છે; ઔપશમિકાદિ ભાવો મોક્ષના કારણરૂપ છે; ઔદયિકભાવ તે બંધના કારણરૂપ છે. આમ પાંચ ભાવોને જાણીને શુદ્ધપારિણામિક–ભાવની ભાવના કરવા જેવી છે. ‘ભાવના’ તે મોક્ષમાર્ગ પર્યાય છે.

ધ્યાન કહો, પરમાત્મતત્ત્વની ભાવના કહો, રાગ વગરનો ભાવ કહો, શુદ્ધ ઉપાદાન કહો, જાણવારૂપ ભાવ કહો, ઔપશમિક–ક્ષાયોપશમિક–ક્ષાયિકભાવ કહો, શુદ્ધાત્મ–અભિમુખ પરિણામ કહો, શુદ્ધોપયોગ કહો, ધર્મ કહો, રત્નત્રય કહો–એ બધાં મોક્ષમાર્ગનાં નામો છે. આમાં કયાંય રાગ નથી આવતો; પરાશ્રય નથી આવતો. સ્વાધીન થઈને સ્વસન્મુખપણે નિજનિધાનને પ્રગટ કરે એવો આત્મા છે.

નિજાધીન નિધાનથી ભરેલો આત્મા, તેને દ્રષ્ટિમાં લેતાં નિધાન ખૂલે છે...ને મોક્ષમાર્ગ પ્રગટે છે.

મોક્ષમાર્ગ છે તે શુદ્ધાત્માની અભિમુખ પરિણામ છે, ને શુભાશુભરાગથી તે વિમુખ છે. જે શુભરાગ છે તે નિજાત્મસન્મુખ પરિણામ નથી પણ વિમુખ છે. હજી તો

આત્માથી વિમુખ એવા રાગને જે મોક્ષમાર્ગ માને તે પરસન્મુખતા છોડીને સ્વસન્મુખ કયારે થાય ? ને તેને મોક્ષમાર્ગ કયાંથી પ્રગટે ?

અહીં તો કહે છે કે જે મોક્ષમાર્ગ છે તે પર્યાયરૂપ છે, ભાવનારૂપ છે. તે પર્યાય, શુદ્ધપારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. સર્વથા ભિન્ન નથી કહ્યું પણ કથંચિત્ ભિન્ન કહ્યું છે, કેમકે તે પર્યાયરૂપે આત્માનું પરિણમન છે. પણ તે ભાવનારૂપ હોવાથી, એટલે કે પર્યાયરૂપ હોવાથી, પર્યાયાર્થિકનયનો વિષય છે, દ્રવ્યાર્થિકનયનો વિષય તે નથી. આ અપેક્ષાએ શુદ્ધાત્મદ્રવ્યથી તે પરિણામને 'કથંચિત્' ભિન્ન કહ્યા છે. દ્રવ્ય અને પર્યાયને એકબીજા સાથે કાંઈ સંબંધ નથી–એમ નથી, દ્રવ્ય અને પર્યાયને એકબીજા સાથે સંબંધ છે, પણ પર્યાય જેટલું જ દ્રવ્ય નથી; જો પર્યાય જેટલું જ દ્રવ્ય હોય તો પર્યાયનો નાશ થતાં દ્રવ્યનોય નાશ થઈ જાય. વસ્તુ દ્રવ્ય–પર્યાય બંને રૂપ છે. તેમાં ધ્રુવદ્રવ્ય તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે ને પર્યાય તે પર્યાયાર્થિકનયનો વિષય છે.

વસ્તુ દ્રવ્ય–પર્યાયસ્વરૂપ છે; તેના સ્વીકાર વગર સાચો તત્ત્વનિર્ણય કે સમ્યગ્દર્શન થાય નહિ, તેમજ ધ્રુવશક્તિમાં સુખ ન હોય તો સુખનું પરિણમન કયાંથી થાય ? આમ ઉત્પાદ–વ્યય ને ધ્રુવ, અથવા દ્રવ્ય–પર્યાય તે–રૂપ વસ્તુ છે.

ધ્રુવ વગર એકલા ઉત્પાદ–વ્યય ન હોઈ શકે; ને ઉત્પાદ–વ્યય વગર એકલું ધ્રુવ કાર્ય કરી શકે નહિ. ધ્રુવ તો પારિણામિકભાવે ત્રિકાળ સ્વભાવ છે; ને પર્યાયમાં ચાર ભાવો સંભવે છે; તેમાંથી ઔપશમિકાદિ ત્રણ ભાવો મોક્ષનું કારણ છે. સ્વશક્તિની પ્રતીતરૂપે પરિણમતાં ઉપશમસમ્યકત્વાદિ પ્રગટે છે, તે પર્યાયમાં કાળલબ્ધિ, પુરુષાર્થ વગેરે આવી જાય છે.

પર્યાય પોતે એકાગ્ર થઇને પોતાના પરમાનંદસ્વરૂપને ભેટે છે; તેને આગમભાષાથી ઔપશમિક–ક્ષાયોપશમિક–ક્ષાયિકભાવ કહેવાય છે : અધ્યાત્મશૈલિથી તેને ધ્યાન કહો, શુદ્ધાત્મસન્મુખ પરિણામ કહો કે શુદ્ધોપયોગ વગેરે અનેક નામોથી કહેવાય છે. ઔપશમિકાદિ ત્રણે ભાવો શુદ્ધાત્માની અભિમુખ છે. એકલા પર સન્મુખ અજ્ઞાનીના ક્ષયોપશમભાવની વાત અહીં મોક્ષમાર્ગમાં નથી. મોક્ષમાર્ગઅવસ્થાના ૬૫ જેટલા નામ તો દ્રવ્યસંગ્રહમાં કહ્યા છે; બીજા પણ અનેક નામોથી તે ઓળખાય છે.

જે પર્યાયદ્વારા વસ્તુમાં ઉપયોગનું જોડાણ થાય છે તે ઉપશમાદિ ત્રણ ભાવરૂપ છે, ને તે મોક્ષમાર્ગ છે.

હવે આ જે મોક્ષમાર્ગરૂપ પર્યાય છે તે શુદ્ધાત્મદ્રવ્યથી સર્વથા જુદી નથી, પણ કથંચિત્ ભિન્ન છે. કેમકે શુદ્ધપારિણામિકભાવરૂપ દ્રવ્ય તો અવિનાશી છે ને પર્યાય તો વિનાશીક છે; જો તે બંને સર્વથા એક હોય તો પર્યાયનો નાશ થતાં દ્રવ્યનો પણ નાશ થઈ જાય. અંશ તે જ આખો અંશી નથી. એક પર્યાય તે આખું દ્રવ્ય નથી, તે અપેક્ષાએ દ્રવ્ય–પર્યાયને કથંચિત્ ભિન્ન કહ્યા.

જો અવસ્થાને ન માને તો, સમજવાનું કે મોક્ષમાર્ગ પ્રગટ કરવાનું રહેતું નથી. પર્યાય આત્મામાં સર્વથા છે જ નહિ–એમ નથી, દ્રવ્ય–પર્યાયરૂપ આત્મવસ્તુ છે, આવા આત્માને ઓળખે તો સાચો નિર્ણય કહેવાય.

ઔપશમિકાદિ ભાવો છે તે ભાવનારૂપ છે–પર્યાયરૂપ છે; અને પરમપારિણામિકભાવરૂપ દ્રવ્ય તે ભાવનારૂપ નથી, પર્યાયરૂપ નથી. આ જે 'ભાવના' કહી તે ત્રણ નિર્મળભાવરૂપ છે, તે મોક્ષમાર્ગરૂપ છે; તેમાં વિકલ્પ નથી, રાગ નથી. શુદ્ધસ્વભાવમા જેટલી એકાગ્રતા તેટલી 'ભાવના' છે. આ ભાવના–પર્યાય પલટીને પૂર્ણ શુદ્ધ મોક્ષદશા પ્રગટે છે, પણ શુદ્ધદ્રવ્ય પારિણામિકભાવે છે તે કદી નાશ થતું નથી, તે અવિનાશી એકરૂપ છે. તે દ્રવ્ય પોતે મોક્ષના કારણરૂપ કે મોક્ષરૂપ થતું નથી, મોક્ષ અને મોક્ષનું કારણ એ બંને તો પર્યાયમાં છે. દ્રવ્યસ્વભાવ છે તે તો શક્તિપણે મોક્ષસ્વરૂપ જ છે; તેની સન્મુખતા વડે પર્યાયમાં વ્યક્તિરૂપ મોક્ષ થાય છે, તેની આ વાત છે. વ્યક્તિરૂપ મોક્ષ તે સંપૂર્ણક્ષાયિકભાવ છે, ને શુદ્ધાત્મસન્મુખ એવા ઔપશમિકાદિ ત્રણ ભાવો મોક્ષના કારણરૂપ છે.

જ્ઞાનીના અંતરના ઘર ઊંડા છે. વસ્તુનું સ્વરૂપ જ એવું ઊંડું ગહન છે કે બહારની સ્થૂળતા વડે તે પકડાય તેવું નથી, શુભ વિકલ્પો વડે પણ પકડાય તેવું નથી. અંતર્‌મુખ શુદ્ધઉપયોગવડે પકડાય તેવું છે.

ધ્યેયરૂપ જે શુદ્ધઆત્મા, તેનું ધ્યાન કરનાર પર્યાય છે; તે પર્યાય અપૂર્વ છે, પણ તે કાયમ ટકતી નથી, બદલતી છે. પલટવાનો સ્વભાવ અનાદિ–અનંત છે, પણ અજ્ઞાનને લીધે અનાદિથી વિકારીપણે પલટી રહ્યો છે; પરમાત્મ સ્વરૂપનું ધ્યાન કરતાં અપૂર્વ નિર્મળદશાપણે પલટે છે. "આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય." ધ્રુવ ટકીને ક્ષણેક્ષણે પર્યાય બદલાય એવો વસ્તુસ્વભાવ છે. પર્યાયની મીટ ધ્રુવસ્વભાવ ચિદાનંદભગવાન ઉપર છે. જેણે ધ્યાન કરવું છે તેણે કોનું ધ્યાન કરવું તે વાત છે.

જે સત્ હોય તેનું ધ્યાન થાય. સત્‌વસ્તુ શું તેની ઓળખાણ વગર ધ્યાન કરવા માંગે તો તો તેનું શૂન્ય જેવું થઈ જશે.

ભાવનારૂપ ભાવશ્રુતજ્ઞાન પર્યાય છે તે અંતર્મુખ થતાં તેમાં વસ્તુ યથાર્થ પરિણમી જાય છે, તેમાં અપૂર્વ આનંદ ને અપૂર્વ શાંતિ છે. આનું નામ ધ્યાન છે ને આ મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગ એટલે કે મોક્ષનું કારણ પાંચમાંથી કયા ભાવ છે–તે અહીં બતાવ્યું છે. કયો ભાવ મોક્ષનું કારણ નક્કી થયો તે કહે છે–

"શુદ્ધપારિણામિકભાવની ભાવનારૂપ જે ઔપશમિકાદિ ત્રણ ભાવો છે તે સમસ્ત રાગાદિ રહિત શુદ્ધ ઉપાદાનકારણભૂત હોવાથી મોક્ષનાં કારણ છે–એમ નક્કી થયું."

'ભાવના' તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ છે; તે રાગ વગરની છે, વિકલ્પ વગરની છે, કેમકે રાગ અને વિકલ્પ તો ઉદયભાવ છે, ને આ શુદ્ધાત્મભાવના તો ઔપશમિકાદિ નિર્મળભાવરૂપ છે. –તે મોક્ષમાર્ગ છે. શુભરાગ તો ઉદયભાવ છે, તે મોક્ષનું કારણ નથી, તે તો બંધનું કારણ છે. ભાવનાનો વીતરાગભાવ તો અમૃતનું ઝરણું છે, ને રાગ તો ઝેરભાવ છે. આ ઉપશમિકાદિભાવ ચોથા ગુણસ્થાનથી શરૂ થાય છે. શુદ્ધાત્માની ભાવનારૂપ જે મોક્ષમાર્ગ તેમાં રાગનું જરાય આલંબન નથી, તે તો પરમાત્મસ્વરૂપને જ ભાવે છે. આવો ભાવ તે મોક્ષનું કારણ છે. રાગ મોક્ષનું કારણ નથી, તેમજ પારિણામિકભાવ મોક્ષનું કારણ નથી, કેમકે કારણ–કાર્યભાવરૂપ પરિણમન પારિણામિકભાવમાં નથી, એટલે તેમાં ક્રિયારૂપ પરિણતિ નથી; એ તો કારણ–કાર્ય વગરનો, બંધ–મોક્ષ વગરનો સહજ એકરૂપ છે. તેમાં પર્યાય એકાકાર થતાં અતીન્દ્રિય આનંદનું ઝરણું વહે છે.

અહીં મોક્ષનાં કારણ–કાર્ય બંને પર્યાયમાં બતાવવા છે. અભેદપણે શુદ્ધદ્રવ્યને પણ મોક્ષનું કારણ કહેવાય છે કેમકે તેમાં એકાકાર થઈને મોક્ષપર્યાય પ્રગટે છે. પણ પર્યાયઅપેક્ષાએ શુદ્ધાત્માની ભાવનારૂપ જે ઔપશમિકાદિ ત્રણ ભાવો તે મોક્ષકારણ છે. પારિણામિકભાવ પોતે કારણ–કાર્યપણા વગરનો છે, તે અપેક્ષાએ તેને નિષ્ક્રિય કહે છે. જે શુદ્ધપર્યાય પરિણમી તે સત્ છે, તેનેય 'આત્મા' કહ્યો છે.

બંધપર્યાય વખતે, મોક્ષમાર્ગ પ્રગટે તે વખતે કે મોક્ષદશા પ્રગટે તે વખતે, પરમ પારિણામિકભાવ તો એવો ને એવો એકરૂપે રહ્યો છે, તેમાં ઘટ–વધ થઈ નથી. મતિ–શ્રુતજ્ઞાન વખતે કે કેવળજ્ઞાન વખતે જ્ઞાનગુણ તો પારિણામિકસ્વભાવે એવડો ને એવડો જ છે. (એમ આનંદ, શ્રદ્ધા વગેરે સર્વગુણોમાં પારિણામિકભાવે એકરૂપતા છે.) પર્યાયધર્મ પરિણમવાનો છે, ને ધ્રુવધર્મથી જોતાં વસ્તુ અપરિણામી છે. –આવી વસ્તુ છે.

આત્મતત્ત્વ દેહાદિથી તો ભિન્ન છે; રાગથી પણ તેનું સ્વરૂપ ભિન્ન છે; ને એક સમયની પર્યાય જેટલું પણ આખું તત્ત્વ નથી. અભેદપણે મોક્ષપર્યાયનું કારણ આત્મા જ છે; પર્યાય તરીકે ઔપશમિકાદિ નિર્મળપર્યાય તેનું કારણ છે. દ્રવ્ય અને પર્યાય બે વચ્ચે વાત છે, પરચીજ કે રાગાદિ તો મોક્ષનું કારણ નથી. વ્યવહારમાં (ભેદથી) જુઓ તો પૂર્વપર્યાય કારણ, ને અભેદથી જુઓ તો તે કાળનું દ્રવ્ય જ કારણ છે.

અહીં પાંચ ભાવમાં પારિણામિકભાવને કારણ–કાર્ય વગરનો નિષ્ક્રિય કહેવો છે; તેને અવલંબનારી પર્યાયરૂપ જે પરમાત્મભાવના છે તે મોક્ષમાર્ગ છે, તે ભાવના ઔપશમિકાદિ ભાવરૂપ છે.

**એકલા ધ્રુવમાં કારણ-કાર્ય ન હોય;**

**એકલા ક્ષણિકમાં કારણ-કાર્ય ન હોય.**

ધ્રુવધામને અવલંબીને પરિણમતી પર્યાય તે મોક્ષકારણ છે. મોક્ષકારણ પોતાની પર્યાયમાં જ છે.

શક્તિરૂપ મોક્ષ એટલે શુદ્ધદ્રવ્યસ્વભાવ તો ત્રિકાળ છે; ને પર્યાયની શુદ્ધતા એટલે વ્યકિતરૂપ મોક્ષ–તેની આ વાત છે. તે વ્યક્તિરૂપ મોક્ષનું કારણ ઔપશમિકાદિ ભાવ છે, અને શક્તિરૂપ મોક્ષ તે પારિણામિક ભાવ છે.

વસ્તુમાં બે અંશ છે–એક ધ્રુવ અંશ, બીજો ઉત્પાદ–વ્યયરૂપ અંશ; આમ દ્રવ્ય ને પર્યાય બંનેરૂપ સ્વતંત્ર વસ્તુ છે. પર્યાયઅંશ છે તે ત્રિકાળ નથી, તે પલટતો અંશ છે, ને ધ્રુવઅંશ તે સ્થિર ટકતો અંશ છે. ટકનાર ને ફરનાર, એટલે દ્રવ્ય ને પર્યાય, એવા સ્વરૂપે વસ્તુનું અસ્તિત્વ છે.

આત્મામાં ક્રિયા હોય ?

હા; આત્માની પર્યાયમાં મોક્ષની ક્રિયા છે, શુદ્ધભાવનારૂપ મોક્ષક્રિયા તે જ ધર્મની ક્રિયા છે, એ સિવાય બહારમાં ધર્મની ક્રિયા નથી. શુદ્ધભાવનારૂપ પરિણતિ તે જ ધર્મની ક્રિયા, તે જ મોક્ષનું કારણ; તેમાં રાગ ન આવે. ધ્રુવ તે સામાન્ય, પર્યાય તે વિશેષ, –એમ સામાન્ય વિશેષરૂપ વસ્તુને સાબિત કરી છે.

આ વાત ઘણીવાર પ્રવચનમાં આવે છે તો ખરી, ઘણી વાત સાથે ગંભીરપણે અંદર બધું આવતું હોય છે–પણ સાંભળનાર તેની ગંભીરતાને પકડી લ્યે તો ખ્યાલમાં આવે. બાકી એમ ને એમ કહી દેવાથી તો શ્રોતાને માત્ર ઉપરટપકે સાંભળીને ધારણા થઈ જાય અને અંદરની ગંભીરતાનો ખ્યાલ ન આવે. શ્રોતા પોતે અંદર મહેનત કરીને ગંભીરતા પકડે ત્યારે ખરું રહસ્ય લક્ષમાં આવે.

ધ્રુવસ્વભાવમાં રાગ કે બંધન નથી, એટલે રાગથી કે બંધનથી છૂટવાપણું પણ નથી; એ તો સદા મુક્ત જ છે. ને અવસ્થામાં જે બંધન છે તેને ટાળીને મુક્તદશા વ્યક્ત કરવી, તેનું કારણ ઔપશમિકાદિ ભાવ છે. પર્યાયનું કારણકાર્યપણું પર્યાયમાં છે, દ્રવ્યમાં નહિ. –દ્રવ્ય ને પર્યાય–બંને છે પોતામાં, પણ બંનેના સ્વરૂપમાં કથંચિત્ ભિન્નતા છે.

દ્રવ્ય ને પર્યાય બંને વસ્તુમાં છે. બેમાંથી એકને કાઢી નાંખે તો વસ્તુ સિદ્ધ નહિ થાય. કાર્ય તો પર્યાયવડે થાય છે; ધ્રુવનો સ્વીકાર પણ પર્યાયવડે થાય છે. પર્યાય કાઢી નાંખો તો ધ્રુવની પ્રતીત કરી કોણે ? પ્રતીત કરનારી પર્યાય તે મોક્ષમાર્ગ છે, ધ્રુવમાં મોક્ષમાર્ગ ન આવે.

રાગાદિભાવો તે બંધના કારણરૂપ ક્રિયા છે, ને શુદ્ધઆત્માની ભાવના તે મોક્ષના કારણરૂપ ક્રિયા છે; આમાં બંધના કારણરૂપ ક્રિયા તે ઔદયિક–

ભાવ છે. ને મોક્ષના કારણરૂપ ક્રિયા તે ઉપશમાદિભાવ છે, પારિણામિકભાવ બંધ–મોક્ષના કારણરૂપ ક્રિયાથી રહિત છે, તેથી નિષ્ક્રિય છે.

આમ હોવાથી શુદ્ધ પારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. ધ્યાન પોતે પર્યાય છે. તે ધ્યેયમાં એકાગ્ર થાય તેનું નામ મોક્ષમાર્ગ છે. પરમાત્મતત્ત્વની ભાવનારૂપ શુદ્ધપરિણતિ તે મોક્ષકારણ છે, તે જ મોક્ષની ક્રિયા છે, તે જ મોક્ષમાર્ગ છે; તે ધર્મ છે; તેને શુદ્ધોપયોગ કહો, ઔપશમિક વગેરે ભાવ કહો;– બીજા અનેક નામોથી પણ તે ઓળખાય છે.

પરમ પારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી.

ઔપશમિકાદિ ૩ ભાવ ધ્યાનરૂપ છે, મોક્ષકારણ છે.

ઔદયિકભાવ તે પરભાવ છે, તે બંધકારણ છે.

ધ્રુવસ્વરૂપ ઉપજતું–વિનશતું નથી.

ઉપજવું ને વિનશવું–તે પર્યાયમાં છે.

એ બંને ધર્મો ન હોય તો દુઃખ ટળીને સુખ થાય નહિ.

આ રીતે ધ્રુવને ન ઓળખે તેને ધ્રુવનું લક્ષ કરાવે છે, ને પર્યાયને ન માને તેને પર્યાય બતાવે છે. બે થઈને વસ્તુસ્વરૂપ છે. બંનેને જાણ્યા વગર સાચી રુચિ થાય નહિ ને મોક્ષમાર્ગ સધાય નહિ.

મોક્ષના કારણરૂપ જે ભાવના છે તે એકદેશ શુદ્ધનયનો વિષય છે; તેમાં નિર્વિકાર સ્વસંવેદનલક્ષણરૂપ ભાવશ્રુત છે. આત્માની એકદેશ શુદ્ધતારૂપ આ ભાવના છે, તે મોક્ષમાર્ગ છે; ને પૂર્ણ શુદ્ધતા થતાં મોક્ષદશા થાય છે, ત્યારે 'ભાવના' દશા રહેતી નથી. વિકલ્પમાં રાગનું વેદન છે, તેનાથી રહિત એવું નિર્વિકારસ્વસંવેદન છે. મોક્ષના કારણરૂપ એવી આ 'ભાવના' માં શું ભાવે છે?–કે 'જે સકલનિરાવરણ અખંડ એક પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધપારિણામિક પરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું' –એમ જ્ઞાની ભાવશ્રુતવડે ભાવે છે; પરંતુ 'ખંડજ્ઞાનરૂપ હું છું' એમ જ્ઞાની ભાવતો નથી. આ પ્રકારે શુદ્ધાત્માની ભાવના કરવી તે તાત્પર્યવૃત્તિનું તાત્પર્ય છે.

આ વ્યાખ્યાન પરસ્પર સાપેક્ષ એવા આગમ–અધ્યાત્મના, તેમ જ દ્રવ્યાર્થિક–પર્યાયાર્થિક બંને નયના અભિપ્રાયના અવિરોધપૂર્વક જ કહેવામાં આવ્યું હોવાથી સિદ્ધ છે–એમ વિવેકીઓએ જાણવું.

( जयजिनेन्द्र )

# ભગવાન મહાવીર

**: સંપાદકીય :**

તીર્થંકર ભગવાન...એટલે માત્ર ભારતની જ નહિ પણ આખા વિશ્વની મહાન વિભૂતિ. –ઇન્દ્રો અને ચક્રવર્તીઓની વિભૂતિ પણ જેમના ચરણમાં ઝૂકી જાય, એવા ૨૪–૨૪ તીર્થંકર ભગવંતોને અવતાર આપવાનું ગૌરવ આપણી આ ભારત માતાને જ પ્રાપ્ત છે. તીર્થંકરોના વિહારથી પાવન આપણા આ ભારતદેશની ધાર્મિકસમૃદ્ધિ બધા દેશોમાં સર્વોચ્ચ છે. હજી અઢી હજાર વર્ષ પણ પૂરા નથી થયા ત્યારપહેલાં ભગવાન વર્દ્ધમાનતીર્થંકર આ ભરતભૂમિમાં સાક્ષાત્ વિચરતા હતા; ને શ્રેણીકરાજા જેવા અનેક રાજા–મહારાજાઓ તેમના ઉપદેશથી પોતાના આત્માને પવિત્ર કરતા હતા. રાજગૃહી જેવી ભૂમિનાં રજકણો પણ એ તીર્થંકરના સ્પર્શે તીર્થરૂપ બની ગયા. ને ભાવશ્રુતવડે જેમણે તીર્થંકર ભગવાનનો ભાવસ્પર્શ કર્યો તે જીવો રત્નત્રય પામીને ભાવતીર્થરૂપ બની ગયા.

ભગવાન શ્રી વર્દ્ધમાન તીર્થંકર આપણા સૌરાષ્ટ્રમાં પણ પધારેલા...ને તેમના નામ ઉપરથી 'वड्ढमाण' વર્દ્ધમાન નામની નગરી બની, તે 'वड्ढमाण' નું અપભ્રંશ એ જ આજનું 'વઢવાણ'. વર્દ્ધમાનપ્રભુની વાણીના નાદ આજેય સૌરાષ્ટ્રમાં ગૂંજે છે ને ભારતભરને ડોલાવે છે. વર્દ્ધમાનપ્રભુની ખરી મહત્તા ત્યારે જ સમજાય કે જ્યારે તેમના કહેલા ઉપદેશનું રહસ્ય આત્મામાં સમજાય. મહાવીર એ કોઈ સામાન્ય મનુષ્ય ન હતા, મહામાનવ કહીને તેમને ઓળખાવવા તે પણ બરાબર નથી, તેઓ તો સર્વજ્ઞતાને પામેલા પરમાત્મા હતા. એમને સર્વજ્ઞ–વીતરાગ તરીકે ઓળખવા એ જ એમની સાચી ઓળખાણ છે.

આવા મહાવીર ૨૫૬૬ વર્ષ પહેલાં કુંડગ્રામ–વૈશાલીમાં મહારાજા સિદ્ધાર્થ અને ત્રિશલામાતાને ત્યાં સર્વજ્ઞપદને સાધવા માટે ચૈત્ર સુદ તેરસે અવતર્યા...૭૨ વર્ષના આયુમાં આત્મસાધના પૂર્ણ કરવાની હતી...તેઓ ન તો રાજમાં રોકાયા કે ન તો લગ્ન કર્યું. જીવંત માતા–પિતાના મોહને પણ છોડીને તેઓ આત્મસાધક સાધુ થયા. ત્રિશલામાતાનો એકનોએક લાડકવાયો નંદન, પોતાની માતાની રજા લઇને વીતરાગમાર્ગે કેવળજ્ઞાન લેવા ચાલ્યો...સાધુ થઈને તેમણે મૌનપણે આત્મસાધનામાં જ પોતાનું ચિત્ત જોડયું ...સર્વજ્ઞ થયા પહેલાં અધુરી દશામાં તેમણે કોઈ ઉપદેશ ન આપ્યો...તીર્થંકરો મુનિદશામાં મૌન જ રહે છે. –કેવો ઉત્તમ આદર્શ!

સાડાબાર વર્ષની આત્મસાધના બાદ, એટલે કે ૪૨ વર્ષની વયે પ્રભુ કેવળજ્ઞાન પ્રગટ કરી અરહંત થયા; ને પછી વિપુલાચલ પર સમવસરણમાં દિવ્યધ્વનિની વર્ષા કરીને,

રત્નત્રયપુષ્પોથી ભારતને નવપલ્લવિત કર્યું. ત્રીસ વર્ષ સુધી ધર્મના ધોધ વહેવડાવીને અંતે પાવાપુરીથી પ્રભુજી સિદ્ધાલયમાં પધાર્યા...મોક્ષ પામ્યા....છ વર્ષ પછી એમના નિર્વાણને અઢી હજાર વર્ષ થશે.

પ્રભો! આજે અઢી હજાર વર્ષેય ભારત આપને ભૂલ્યું નથી....અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ આપનું ધર્મશાસન વિજયવંત વર્તી રહ્યું છે.....આપે વહાવેલા ધર્મપ્રવાહને વીતરાગી સંતોએ સુકાવા દીધો નથી. એ વીતરાગી અમૃત આજેય ભારતના હજારો-લાખો જીવોને આનંદ આપે છે...ને આપના પરમ ઉપકારને ભારતના ભવ્યજીવો બહુ બહુ ભક્તિથી યાદ કરે છે.

ભારતના સાધર્મી બંધુઓ! આવો, આપણે સૌ હળીમળીને આપણા વીરપ્રભુના શાસનને ઉન્નત બનાવીએ...આપણે સૌ વીરનાં સન્તાન છીએ..., વીરપ્રભુએ દર્શાવેલા રત્નત્રય માર્ગને ઓળખીને આપણે તે માર્ગને ઉપાસીએ.

મહાવીરપ્રભુના જન્મોત્સવને એવી ઉત્તમ ભાવનાથી ઉજવીએ કે જૈન-જૈન વચ્ચે ક્યાંય વિખવાદ ન રહે ને ભારત આખુંય જૈનશાસનના ગૌરવથી ગૂંજી ઊઠે. મહાવીરભગવાન આજે પણ જાણે કે આપણી સમક્ષ જ બિરાજતા હોય ને આપણે સૌ તેમની પરમ છત્રછાયામાં ધર્મ સાધના કરતા હોઈએ-એ રીતે એમનો મંગલ જન્મોત્સવ ઉજવીએ....ને એ તીર્થંકરદેવના જન્મકાળે ભારતમાં ધર્મીની જેવી જાહોજલાલી હતી તેવી ધર્મજાહોજલાલીથી ભારતદેશે ફરીને શોભી ઊઠે એવો યથાશક્ત ઉદ્યમ કરીએ....સૌ પોતાને મહાવીરના સન્તાન સમજીએ.

**અમે તો વીરતણા સન્તાન....** **जय महावीर!**

## ॐ અમારું નામ... ॐ અમારું ધામ

પુસ્તક વગેરેમાં હસ્તાક્ષર તરીકે ગુરુદેવ ॐ લખે છે. ગત ફાગણ વદ એકમે રાજકોટમાં છેલ્લે દિવસે (વિહારની આગલી રાતે) એક ભાઈ હસ્તાક્ષર કરાવવા આવ્યા, પદ્ધતિ મુજબ ગુરુદેવે ॐ કરી આપ્યો. તે ભાઈએ નામ લખી આપવા કહ્યું ત્યારે ગુરુદેવે કહ્યું કે આ ॐ સર્વજ્ઞભગવાનની વાણી છે, એ જ અમારું નામ છે ને એ જ અમારું ધામ છે. ॐ અમારું નામ-ને ॐ અમારું ધામ; ॐ માં બધું સમાય છે.

જે દિવસે આ વાત થઇ તે દિવસે (ફાગણ વદ એકમે) સોનગઢ સ્વાધ્યાયમંદિરમાં ॐ ની સ્થાપના થયેલી છે.

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

( સર્વે જિજ્ઞાસુઓનો પ્રિય વિભાગ )

**( ચાર-પાંચ વર્ષ અગાઉના કેટલાક પ્રશ્નો અમારી પાસે પડયા હતા, તેનો પણ આ વિભાગમાં સમાવેશ કરીએ છીએ. )**

પ્રશ્ન :– અમને આત્માનું જ્ઞાન કરવાનું મન થાય છે પણ બાહ્ય આકર્ષણો ભૂલાતા નથી, તેનું શું કારણ? –અને જેઓ સિદ્ધ થયા તેઓને બાહ્ય આકર્ષણ નહિ હોય? –હોય તો તેને કેવી રીતે દૂર કર્યા હશે? ( M.k. JAIN. વેડચ, ભરૂચ )

ઉત્તર :– ભાઈ, સામાન્યપણે આત્માને જાણવાનું મન તો બધાને થાય; શું કોઇ એમ કહે કે મારે આત્માને નથી જાણવો ?– પરંતુ આત્માને જાણવાની અંતરથી ખરેખરી જિજ્ઞાસા અને લગની થાય તે કોઈ જુદી જ ચીજ છે. અને એવી લગની જેને થાય તે જીવ બાહ્ય આકર્ષણોમાં રોકાય નહિ. બાહ્ય આકર્ષણમાં રોકાઈને આત્માને ભૂલી જાય તો તેનો અર્થ એ થયો કે તેને બાહ્યચીજ જેટલી વહાલી છે તેટલો આત્મા વહાલો નથી. જેને આત્માની મહત્તા લાગે તેને બહારની ચીજની મહત્તા છૂટી જાય, ને મહત્તા છૂટે એટલે આકર્ષણ પણ છૂટે. તેનો એક દાખલો –બાળકને પોતાની માતાપ્રત્યે ખરેખરું આકર્ષણ છે; તેની માતાના વિરહમાં તે માતાને એવો ઝંખે છે કે તમે ગમે તે ચીજનું આકર્ષણ આપશો તોપણ તે બાળક તેના પ્રત્યે આકર્ષાશે નહીં. અને માતાને દૂરથી દેખતાં જ બધા આકર્ષણો પડતા મુકીને માતાના ભેટવા સ્નેહથી દોડશે. તેમ જેના અંતરમાં ચૈતન્યનું ખરું વહાલ જાગ્યું–તે જગતના કોઈ પદાર્થના આકર્ષણમાં રોકાશે નહીં. 'મારું સુખ તો મારા આત્મામાં છે, બાહ્ય કોઈ આકર્ષણોમાં ( સોનામાં–મહેલમાં –સ્ત્રીમાં–મોટરમાં– ફીલ્મમાં કે જગતના કોઈ પદાર્થમાં ) મારું સુખ છે જ નહિ' –એમ જેને ખરેખરું લક્ષમાં લીધું હોય તે બહારના આકર્ષણોમાં કેમ રોકાય? તેનું જ્ઞાન અંતરમાં આત્મા તરફ વળે જ. – આ માટે ધર્માત્માઓના સત્સંગમાં રહીને ઘણો જ પ્રયાસ કરવો જોઇએ. આપણે ચૈતન્યનો ખરેખરો રસ લગાડીને તેના શ્રદ્ધા–જ્ઞાન –એકાગ્રતા કરીએ તો કાંઈ બાહ્ય આકર્ષણો આપણને રોકતા નથી. ધ્યાનસ્થ મુનિવરો ઉપર ઘોર ઉપદ્રવ આવે કે દેવીઓ આવીને આકર્ષણ કરે–તોપણ તેઓ ધ્યાનથી ચલિત થતા નથી. એ જ રીતે જે સિદ્ધભગવંતો થયા તેઓએ પણ ચૈતન્યસ્વભાવની ઉત્તમ આરાધના કરીને, પોતાનો ઉપયોગ બહારના આકર્ષણોથી પાછો હઠાવી લીધો ને નિજસ્વરૂપમાં ઉપયોગને

લીન કર્યો. પછી વીતરાગતા અને કેવળજ્ઞાન થતાં, આખા જગતના બધાય પદાર્થોનું જ્ઞાન થતું હોવા છતાં કોઈ પદાર્થનું આકર્ષણ રહ્યું નથી. બહારના પદાર્થો કાંઈ જીવને કહેતા નથી કે તું અમારા તરફ આકર્ષા! જીવ જ પોતાના ઉપયોગને તે તરફ દોડાવીને રાગ–દ્વેષ કરે છે; એટલે, બાહ્ય પદાર્થોનું આકર્ષણ મટાડવાનો ઉપાય એ છે કે પોતાના ઉપયોગને આત્મા તરફ વાળવો. ઉપયોગ અંતરમાં વળે તો બાહ્ય પદાર્થનું આકર્ષણ ટળે. એક કવિ કહે છે કે :–

**જબ નિજ આતમ અનુભવ આવે.....**

**ઔર કછુ ન સુહાવે......જબ નિજ આતમ અનુભવ આવે.**

## વિવિધ સમાચાર

પરમ પૂજ્ય ગુરુદેવ સુખશાંતિપૂર્વક સૌરાષ્ટ્રમાં વિચરી રહ્યા છે. સોનગઢથી લાઠી થઈને રાજકોટ પધાર્યા....ત્યાં ૧૩ દિવસ દરમિયાન ( સમયસાર ગા.૧૫, પ્રવચનસાર ગા.૧૭૨ તથા સમયસાર–જયસેનાચાર્યની ટીકા ગા.૩૨૦ ઉપર ) સુંદર પ્રવચનો થયા. રાજકોટથી વડાલ ગામે પધાર્યા, સાંજે નેમપ્રભુની પવિત્ર વિહારભૂમિ ગીરનારતીર્થના દર્શન જઈ આવ્યા; ત્યાં "મારા નેમ પ્રભુ ગીરનારી ચાલ્યા..." એ વૈરાગ્ય સ્તવન ગુરુદેવે ગવડાવ્યું. વડાલ પછી પોરબંદર પધાર્યા...ત્યાં આઠ દિવસ સમયસાર ગા.૧૭,૧૮,૭૨ તથા ગા. ૯૭ ઉપર પ્રવચનો થયા. પોરબંદરથી ચાર દિવસ જેતપુર પધાર્યા; ત્યારબાદ ગોંડલ અને વડીઆ થઈને, ( આપ જ્યારે આ આત્મધર્મ વાંચતા હશો ત્યારે ) ગુરુદેવ મોરબીમાં બિરાજતા હશે. ત્યાર પછી કાર્યક્રમ નીચે મુજબ છે–

વાંકાનેર ( ચૈત્ર સુદ ૧૨ થી ૧૫ ), ચોટીલા ( ચૈત્ર વદ ૨ ), સુરેન્દ્રનગર ( ચૈત્ર વદ–૩ થી ૬ ), વઢવાણ ( ચૈત્ર વદ ૭ થી ૧૦ ), જોરાવરનગર ( ચૈત્ર વદ ૧૧ થી ૧૩ ) વીંછીયા ( ચૈત્ર વદ ૧૪ થી વૈ.સુ. ૬ ), ઉમરાળા ( વૈશાખ સુ.૭–૮ ), લીંબડી ( વૈ.સુ.૯ થી ૧૪ ), સોનગઢ પ્રવેશ ( વૈશાખ સુદ ૧૫ ).

# ગુરુદેવના ૭૯મા જન્મોત્સવ નિમિત્તે ઈનામી યોજના

* બાલવિભાગના સભ્યો માટેની આ યોજનામાં ૭૯ બાળકોને દરેકને એક રૂા.ના પુસ્તકો ઈનામ તરીકે મોકલાશે. તે ઉપરાંત ત્રણ બાળકોની વચ્ચે ૨૨ રૂા.નાં બીજા ઈનામો અપાશે. એમ કુલ ૧૦૧ રૂા. નાં ઈનામો વહેંચાશે. આમાંથી ૫૧) રૂા. આપણા બાલવિભાગના સ્વ. સભ્ય રીટાબેનની સ્મૃતિમાં તેમના પિતાજી છબીલભાઈ સંઘવી તરફથી આવ્યા છે. ને બીજા ૫૦) રૂા.બાલવિભાગ તરફથી અપાશે.
* આ માટે તમારે શું કરવાનું છે? –નીચેમાંથી તમને જે આવડે તે લખી મોકલોઃ–
  (૧) ધાર્મિક કોયડા, –ઉખાણા, –ટૂચકા કે જોડકણા.
  (૨) "એકડે એક...ધર્મની લ્યે ટેક" આ પ્રકારના આંકની રચના (એકથી સો સુધીમાં ગમે તેટલા આંકડાની રચના મોકલો શકો છો.)
  (૩) કક્કાના પહેલા અક્ષરથી શરૂ થતું એકેક વાકય લખી મોકલો; જેમકે–કલ્યાણનું મૂળ સમ્યગ્દર્શન છે. ખરૂં સુખ આત્મામાં છે. –એ પ્રમાણે કોઇ પણ અક્ષરથી શરૂ થતા વાકયો લખી શકો છો.)
  (૪) તમને ચિત્રકળાનો શોખ હોય તો કોઈ પણ ચિત્ર (ધાર્મિક વિષયનું) જેવું આવડે તેવું.
  (૫) "બાલવિભાગથી અમને લાભ" એ વિષય ઉપર ટૂંકમાં લખાણ. (આ પાંચમો વિષય કોલેજીયન સભ્યો માટે છે.)
* ઉપરમાંથી તમારી પસંદગી મુજબનું લખાણ લખીને મોકલો.
* વૈશાખ સુદ પુનમ સુધીમાં મળેલ લખાણ સ્વીકારીશું. પણ જો વૈશાખ સુદ બીજથી વહેલું મોકલશો તો કદાચ વૈશાખ માસના આત્મધર્મમાં પણ તમારું લખાણ છપાશે. (ભારત બહારના સભ્યો ગમે ત્યારે લખાણ મોકલી શકે છે.) તમે વધારે સંખ્યામાં ઉત્સાહથી ભાગ લેશો તો ઈનામની રકમમાં વધારો કરીશું.
* તમે સભ્ય ન હો તો સભ્ય બનવા માટે નામ, સરનામું, ઉમર, અભ્યાસ ને જન્મ–દિવસ લખી મોકલો, ને આ ઈનામી યોજનામાં ઉત્સાહથી ભાગ લ્યો.

લખાણ નીચેના સરનામે મોકલવું–

સંપાદક–આત્મધર્મ બાલવિભાગ,
સોનગઢ (સૌરાષ્ટ્ર).

## વિદ્યાર્થીઓ માટે અભ્યાસની સુંદર સગવડ
## શ્રી જૈન વિદ્યાર્થીગૃહ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )

ઉપરોક્ત બોર્ડિંગમાં ધોરણ ૫ થી ૧૧ ( એસ.એસ.સી ) સુધી અભ્યાસ કરતા જૈન વિદ્યાર્થીઓને કોઈપણ ફિરકાના ભેદભાવ વગર દાખલ કરવામાં આવે છે.

માસિક ભોજનના પૂરી ફીના રૂા. ૩૦/– તથા ઓછી ફીના રૂા. ૨૦/– ચાર્જ લેવામાં આવે છે.

અહીંની ગુરુકૂળ હાઇસ્કૂલમાં ધોરણ ૫ થી અંગ્રેજી શીખવવામાં આવે છે. અહીં રહેતા વિદ્યાર્થીઓને શ્રી સનાતન દિગંબર જૈનધર્મના ધાર્મિક અભ્યાસ કરવાનો તથા આધ્યાત્મિક સંત પરમોપકારી પૂજ્ય શ્રી કાનજીસ્વામીના વ્યાખ્યાન–શ્રવણનો પણ અલભ્ય લાભ મળે છે.

વિદ્યાર્થીઓને રહેવા માટે ગામની બહાર વિશાળ હવા–ઉજાસવાળું સુંદર મકાન છે.

દરેક વિદ્યાર્થીને સૂવા માટે પલંગ આપવામાં આવે છે.

સંસ્થામાં દૂધ તથા ખોરાક સાદો સાત્ત્વિક ચોકખો આપવામાં આવે છે.

અહીં વિદ્યાર્થીઓને શારીરિક તથા માનસિક વિકાસની સુંદર તક મળે છે.

દાખલ થવા ઈચ્છનાર વિદ્યાર્થીઓએ તા.૩૦–૪–૬૮ સુધીમાં ૧૫ પૈસાની ટિકિટો બીડી પ્રવેશપત્રો અને નિયમો મંગાવી તે વિગતવાર ભરી વાર્ષિક પરીક્ષાના પરિણામ ( પ્રગતિપત્રક ) અગર હેડમાસ્તરની સહીવાળું માર્કશીટ સાથે તા.૧૫–૫–૬૮ સુધીમાં મોકલી આપવા.

લિ.–

**મલુકચંદ છોટાલાલ શાહ**

મંત્રી

---

## જૈનદર્શન શિક્ષણવર્ગ

સોનગઢમાં દર વર્ષની માફક જૈન વિદ્યાર્થીભાઈઓ માટેનો ધાર્મિક શિક્ષણવર્ગ વૈશાખ વદ એકમને સોમવાર તા.૧૩–૫–૬૮ થી શરૂ થશે અને તા.૧–૬–૬૮ જેઠ સુદ પાંચમ સુધી ૨૦ દિવસ ચાલશે. જેમને શિક્ષણવર્ગમાં દાખલ થવા ઇચ્છા હોય તેમણે ( જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ–સૌરાષ્ટ્ર ) એ સરનામે ખબર આપવા. બીજા પુસ્તકો ઉપરાંત દ્રવ્યસંગ્રહ ( ગુજરાતી ) પણ વર્ગમાં ચાલે છે, તો જેમની પાસે દ્રવ્યસંગ્રહ હોય તેઓ તે જરૂર લાવશો –કેમકે સોનગઢમાં દ્રવ્યસંગ્રહ પુસ્તક બહુ થોડા છે.

* * *



## વાઘ અને સિંહ

ગતાંકના વાઘનું દ્રશ્ય (જે ભૂલથી હૈદરાબાદનું લખાઈ ગયેલ તે) મૈસુરનું હતું, અને આ સિંહનું દશ્ય હૈદરાબાદનું છે. પરંતુ ઓલો વાઘ તો સાચો હતો, પણ આ સિંહ સાચો નથી, આ તો પથ્થરમાં કોતરેલો છે. એ કોતરેલો સિંહ એની મસ્તીમાં મસ્ત છે તો ગુરુદેવ પોતાની મસ્તીમાં મસ્ત છે. એ તો વિચારી રહ્યા છે કે 'વળી પર્વતમાં વાઘ–સિંહ સંયોગ જો...અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા, પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો...'

એવી મુનિદશાનો ધન્ય અવસર ક્યારે આવશે? (હૈદરાબાદનું મ્યુઝીયમ–કે જે ભારતમાં સૌથી મોટું ગણાતું–તે જોયું, પરંતુ એમાં એવી કોઈ વિશેષતા ન દેખાણી કે જે ગુરુદેવને આશ્ચર્ય ઉપજાવે. નીરસપણે ઊડતું અવલોકન કરીને ત્યાંના એક ઓટલા ઉપર બેઠાબેઠા ગુરુદેવ કંઈક ચિન્તન કરી રહ્યા છે.)

## વૈરાગ્ય સમાચાર

* નાઈરોબી (આફ્રિકા) માં ભાઈશ્રી રાયચંદ ધરમશી ચેલાવાળા તા.૬–૩–૬૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. મોશી (આફ્રિકા) માં તેમણે ઘરમાં નાનું સરખું મંદિર બનાવેલું, ને મુમુક્ષુમંડળના બધા કાર્યક્રમો ત્યાં થતા હતા.
* આટકોટ મુકામે ભાઈશ્રી ચુનીલાલ નારણજી તા.૨૭–૨–૬૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* ભાઈશ્રી હિંમતલાલ હરખચંદના માતુશ્રી સમરતબેન મોરબી મુકામે ફાગણ સુદ ૧૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* લાખણકામાં ભાઈશ્રી મનસુખલાલ આણંદજી ગત ફાગણ સુદ ૧૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. (બ્ર.ગુલાબચંદભાઈના તે નાના ભાઈ હતા.)
* મુંબઈ વિલેપારલેમાં ભાઈશ્રી રતિલાલ હીરાચંદ (મોરબીવાળા ધારશીભાઈના બનેવી) ફાગણ વદ એકમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

**સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવ-ગુરુ-ધર્મના શરણે આત્મહિત પામો.**

## ● છેલ્લા પૂંઠા ઉપરના ચાર ચિત્રોનો પરિચય ●

( ૧ ) ભારતદેશની ઉત્તમ અધ્યાત્મનગરી સોનગઢનું આ રળિયામણું દ્રશ્ય છે. તેમાં જિનમંદિર, માનસ્તંભ, સમવસરણ, સ્વાધ્યાયમંદિર, પ્રવચનમંડપ, બ્રહ્મચર્યાશ્રમ વગેરે નજરે પડે છે.


( ૨ ) સં.૨૦૧૩ ની યાત્રા વખતે કલકત્તાથી ખંડગિરિ–ઉદયગિરિ તરફ વિમાન–દ્વારા જતા હતા ત્યારે તે આકાશગામિની યાત્રાની યાદીરૂપે વિમાનમાં બેઠા બેઠા ગુરુદેવે લખી આપેલા આ હસ્તાક્ષર છે.

( ૩ ) આ મંદિર બીજે ક્યાંયનું નહિ પણ આપણા સુપ્રસિદ્ધ તીર્થધામ સોનગઢનું છે. તેમાં બિરાજે છે–સીમંધર ભગવાન, શાંતિનાથ ભગવાન, પદ્મપ્રભુ ભગવાન, નેમિનાથ ભગવાન, મહાવીરભગવાન અને પાર્શ્વનાથ ભગવાન. આ મંદિર બંધાયું સં. ૧૯૯૬માં, અને પ્રતિષ્ઠા થઇ સં. ૧૯૯૭ માં.

૨૭ વર્ષમાં તો મંદિર ઘણું મોટું થઈ ગયું ! ૨૭ વર્ષમાં તો એની ઊંચાઈમાં ૩૭ ફૂટ જેટલો વધારો થયો...જો કે ભગવાન તો એવડા ને એવડા જ રહ્યા....મંદિરની ઊંચાઈ પહેલાં ૪૧ ફૂટ જેટલી હતી. –જે વધીને અત્યારે લગભગ ૭૮ ફૂટ જેટલી છે. સેંકડો ભક્તોએ તનતોડ મહેનત કરીને હાથોહાથ આ ભવ્ય મંદિરના પાયા અને છત ભરેલ, –એ પ્રસંગ આજેય યાદ આવે છે. અરે સૌ ભક્તો છત ભરવા રોકાયેલા હોવાથી બે દિવસ તો પ્રવચન પણ બંધ રહેલ. –આ ઉપરથી જિનમંદિરના મહાન કાર્યમાં ભક્તોના ઉલ્લાસનો ખ્યાલ આવશે. ( તેના વર્ણન માટે જુઓ, આત્મધર્મ અંક–૧૫૪ કે ૧૫૫ )

( ૪ ) આજે દોડતી મોટર અને ઊડતા એરોપ્લેનના ઝડપી પ્રવાસના જમાનામાં ગાડાના ધીરજભર્યા પ્રવાસનો ખ્યાલ આવવો મુશ્કેલ છે. આપણા બાલસભ્યોમાંથી ઘણાય સભ્યો તો એવા હશે કે જેઓ કદી ગાડામાં બેઠા નહિ હોય, અરે ! બેસવાનું તો ઠીક પણ કદાચ મુંબઈ જેવા શહેરમાં એવાય સભ્યો હશે કે જેમણે ગાડું જોયું પણ નહિ હોય ! મુંબઈના કેટલાક બાલ સભ્યો જ્યારે સોનગઢ આવે છે ત્યારે ઘેટાં–બકરાં એ તેમને આશ્ચર્યની વસ્તુ લાગે છે ! એવું જ આ ગાડાનું કદાચ લાગશે. પણ આ કાંઈ ૧૦૦–૨૦૦ વર્ષ પહેલાંનું દ્રશ્ય નથી; આ તો માત્ર ૧૫ વર્ષ વર્ષ પહેલાંનું એક દ્રશ્ય છે. ગાડું કુંડલપુરીથી ગુણાવા તરફ જઈ રહ્યું છે, ને તેમાં યાત્રિકો બેઠા છે. કોણ છે એ યાત્રિક ખબર છે ? એ તો છે પૂ. બેનશ્રી, પૂ. બેન વગેરે. અત્યારના જેવો મોટર–બસ વ્યવહાર તે વખતે ન હતો...

# માનસ્તંભ-ઉત્સવના મંગલ સંભારણા



ચૈત્ર સુદ ૯ ના રોજ નેમિનાથ મુનિરાજના આહારદાનનો પ્રસંગ
[ પૂ. બેનશ્રી–બેન આહારદાન દઈ રહ્યા છે; ગુરુદેવ અનુમોદી રહ્યા છે. ]



**જિનેન્દ્રભગવાનની રથયાત્રાનું**


**એક મધુરું દશ્ય**

*      *

સોનગઢમાં માનસ્તંભપ્રતિષ્ઠા વખતે તેમજ મોરબી અને વાંકાનેરમાં પંચકલ્યાણકપ્રતિષ્ઠા વખતે આવા આનંદકારી પ્રસંગો બન્યા હતા.

( ત્રણે પ્રસંગો ચૈત્ર માસમાં બન્યા હતા. )

( આ ચાર ચિત્રોના પરિચય માટે જુઓ પાનું ૪૦ )



ॐ ચિદાનંદ
ખંડગીર ઉદયગીરી
આકાશ ગામિની યાત્રા વંદન હો





શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (પ્રત: ૨૫૦૦)